# श्री कृष्ण प्रणामी धर्म पत्रिका

# શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ પત્રિકા




नवम्बर २०११

वर्ष ८३ | श्री ५ नवतनपुरी धाम, जामनगर | अंक ११

www.krishnapranami.org



श्री कृष्ण प्रणामी मन्दिर जूई( भिवानी ) हरियाणामें आयोजित श्री १०८ पारायण
तथा भिवानी आश्रममें आयोजित मंगल जयन्तिके दृश्य ।



श्री कृष्ण प्रणामी मन्दिर अमहमदावादमें परमहंस श्री रंगिलदासजी महाराजकी
स्मृतिमें आयोजित पारायणके अवसर पर आशीर्वचन प्रदान करते हुए
परम पूज्य आचार्य महाराजश्री ।

# શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ પત્રિકા

સંસ્થાપક : બ્રહ્મલીન આચાર્ય શ્રી ૧૦૮ ધનીદાસજી મહારાજ

વિ.સં. ૨૦૬૮ નિજાનન્દાબ્દ : ૪૩૦ બુદ્ધજી શાકે : ૩૩૪

વર્ષ ૮૩ **નવેમ્બર ૨૦૧૧** અંક : ૧૧

મુદ્રક, પ્રકાશક તેમજ સ્વામિત્વ } જગદ્‌ગુરુ આચાર્ય શ્રી ૧૦૮ કૃષ્ણમણિજી મહારાજ

મુદ્રણ તેમજ પ્રકાશન સ્થળ } શ્રી ૫ નવતનપુરી ધામ- ખીજડા મંદિર જામનગર - ૩૬૧ ૦૦૧ (ગુજરાત) ભારત

સંપાદક : શ્રી કનકરાય વ્યાસ *તથા* સ્વામી શ્રી લક્ષ્મણ ચૈતન્ય

વાર્ષિક શુલ્ક રૂા.૧૦૦/- | ૧૫ વર્ષીય શુલ્ક રૂા.૧૦૦૦/-



સરનામું : શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ પત્રિકા, શ્રી ૫ નવતનપુરી ધામ, ખીજડા મન્દિર જામનગર - ૩૬૧ ૦૦૧ ( ગુજરાત)

ફોન : (૦૨૮૮) ૨૬૭૨૮૨૯, ૩૨૦૨૮૨૯ : ફેક્સ (૦૨૮૮) ૨૫૫૧૩૫૩

**E-mail : navtanpuri@gmail.com /& navtanpuri@krishnapranami.org**

**Website : www.krishnapranami.org / www.krishnadhamusa.org**


## શ્રી ૫ નવતનપુરી ધામ સ્થાપના દિવસ

કારતક સુદ પૂનમ શ્રી ૫ નવતનપુરી ધામની સ્થાપનાનો દિવસ છે. નિજાનંદાચાર્ય શ્રી દેવચંદ્રજી મહારાજે આજથી ૩૮૧ વર્ષ પૂર્વે વિ.સં. ૧૬૮૭ કારતક સુદ પૂનમને બુધવારના રોજ શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મની આચાર્યપીઠ શ્રી ૫ નવતનપુરી ધામની સ્થાપના કરી બ્રહ્માત્માઓની જાગણીના કાર્યને આગળ વધાર્યું હતું.

સંવત સોલહ સૌ સતાસિયા, એ કાર્તિક મેં મજકુર ।
યહાં સોતી ઉદય ભઈ, ઉદયા મૂલ અંકુર ।।

(લાલદાસ વીતક ૧૩/૨૨)

શ્રી દેવચંદ્રજી પુરી નવતન, આયે યહાં બસત ।
સેવા ગોવર્ધન કરે, પહુંચા નજીક બખત કયામત ।।

(લાલદાસ વીતક ૧૩/૩૮)

# અબ જાગ દેખો સુખ જાગની

## જગદ્‌ગુરુ આચાર્ય શ્રી ૧૦૮ કૃષ્ણમણિજી મહારાજ

મહામતિ શ્રી પ્રાણનાથજી પ્રણીત **'શ્રી તારતમ સાગર'** અંતર્ગત **'કલશ'** ગ્રંથ મુખ્યરૂપે જાગણી માટેનો ગ્રંથ છે. એમાં પણ અંતિમ બે પ્રકરણોને તો જાગણીનાં જ પ્રકરણ માનવામાં આવે છે. અહીં જાગણીનો અર્થ 'આત્મ જાગૃતિ' છે. વસ્તુતઃ જાગૃત આત્મા જ આનંદનો અનુભવ કરી શકે છે, અન્યથા પ્રસુપ્ત ચેતનાને તો સુખનો માત્ર આભાસ જ થાય છે. આમ તો જાગણીનો ઉપદેશ છેક પ્રાચીન કાળથી થઈ રહ્યો છે. કઠોપનિષદ્‌નું વાક્ય **'ઉત્તિષ્ઠતઃ જાગૃતઃ પ્રાપ્ય વરાન્નિબોધતઃ'** આત્મ જાગૃતિનો જ ઉપદેશ આપે છે. અહીં ઊઠવા અને જાગૃત થવાની વાત કહેવામાં આવી છે એનો અર્થ એ થયો કે પહેલાં ઊઠવું પડશે અને ત્યાર બાદ જાગૃતિ આવશે. જીવનનો અભ્યુદય એ જ ઊઠવું છે. ઊઠ્યા પછી જ **'નિઃશ્રેયસસિદ્ધિ'** પ્રાપ્ત થશે. મહર્ષિ કણાદે ધર્મની વ્યાખ્યા આપતાં કહ્યું છે, **'યતોઽભ્યુદયનિઃશ્રેયસસિદ્ધિઃ સ ધર્મઃ'** । જેનાથી જીવનનો અભ્યુદય અર્થાત્ ઉત્થાન થાય અને નિઃશ્રેયસ સિદ્ધિ અર્થાત્ આત્મ જાગૃતિ થાય એ જ ધર્મ છે. કઠોપનિષદનો ઉપર્યુક્ત ઉપદેશ પણ ધર્મની વ્યાખ્યા જ છે. આથી સ્પષ્ટ થાય છે કે જીવનમાં ઊઠવું અને જાગવું એ જ વાસ્તવિક જીવન છે. નહિ તો મનુષ્ય હોવા છતાં પણ મનુષ્યમાં અને પશુમાં કોઈ ફરક જ નથી. માત્ર ધર્મને આધારે જ મનુષ્યમાં અને પશુમાં અંતર માનવામાં આવે છે. ધર્મનું મૂળ લક્ષ્ય આત્મ-જાગૃતિ જ છે.

નિજાનંદાચાર્ય શ્રી દેવચંદ્રજી મહારાજને પૂર્ણબ્રહ્મ પરમાત્માનાં પ્રત્યક્ષ દર્શન થયાં એ પ્રસંગનો ઉલ્લેખ મહામતિ શ્રી પ્રાણનાથજીએ **'કલશ'** ગ્રંથના પ્રારંભમાં કરેલ છે. એ સમયે પરમાત્માએ શ્રી દેવચંદ્રજીને પૂછ્યું, તમે કોણ છો ? તમારે આ જગતમાં શા માટે આવવું પડ્યું ? તમારૂં ઘર ક્યાં છે ? તમારા સ્વામી કોણ છે ? તમે જાગો છો કે નિદ્રામાં છો ? આ બાબતે દ્રઢતાપૂર્વક કહો. વસ્તુતઃ આ પાંચ પ્રશ્નો જ જાગણીનો આધાર છે. આમાં પણ અન્તિમ પ્રશ્ન છે 'તમે જાગૃત અવસ્થામાં છો કે નિદ્રામાં ? એ ખાસ વિચારણીય છે. આપણે કેવી રીતે સમજીએ કે ખરેખર આપણે જાગૃત અવસ્થામાં છીએ કે નિદ્રામાં ? આ પ્રશ્ને ઊંડો વિચાર કરવો અતિ આવશ્યક છે.

સર્વ પ્રથમ આપણને ખ્યાલ હોવો જોઈએ કે આપણે કોણ છીએ ? આપણે શરીર છીએ, પ્રાણ છીએ, ઈન્દ્રિયો છીએ, મન છીએ, બુદ્ધિ છીએ કે કંઈ અન્ય છીએ ?

આ પ્રશ્ન પર ચિંતન કરવાથી આપણને જણાશે કે આપણે ન તો શરીર છીએ, ન પ્રાણ છીએ, ન ઈન્દ્રિયો છીએ, ન મન છીએ કે ન બુદ્ધિ છીએ. પરંતુ બધાથી પર આપણે ચૈતન્ય સ્વરૂપ આત્મા છીએ. આ શરીર, પ્રાણ ઈન્દ્રિયો, મન બુદ્ધિ વગેરે સાધનો છે. આપણા થકી તે બધાનું અસ્તિત્વ છે. આ રહસ્ય જાણીને, સમજીને આત્માનો અનુભવ કરવાનો છે. માત્ર જાણકારીથી કામ ચાલશે નહિ. આત્માનો અનુભવ થવાથી એ પણ અનુભવ થશે કે આત્મા નશ્વર જગતમાં શા માટે આવે છે ? વાસ્તવમાં બ્રહ્માત્માઓ નશ્વર જગતમાં આવતા નથી પણ તેમની સુરતા અર્થાત્ તેમની મનોવૃત્તિ જ નશ્વર જગતમાં આવી છે અને અહીંના ખેલ જોઈને પોતાના અસ્તિત્વને ભૂલી ગઈ છે. આ વિસ્મૃતિને કારણે જ બ્રહ્માત્માઓને પરમધામ મૂલ મિલાવામાં શ્રી રાજજી સમક્ષ હોવા છતાં ન પરમધામનો ખ્યાલ રહ્યો કે ન તો શ્રી રાજજીનો ખ્યાલ રહ્યો. હવે જાગૃત થઈને આ તથ્યને સમજવાનું છે. આ માટે જ તારતમ જ્ઞાનનું અવતરણ થયું છે. આમ તારતમ જ્ઞાન આત્મ-જાગૃતિ માટે છે.

જાગૃત થવાથી એ પણ જ્ઞાન થશે કે બ્રહ્માત્માઓ બ્રહ્મધામમાં પણ લીલાઓ કરે છે. નશ્વર જગતમાં સુરતાના રૂપમાં અવતરણ થયા છતાં તેમણે વ્રજ, રાસ અને જાગણી લીલાઓ કરી. આ લીલાઓ બ્રહ્માત્માઓ અને શ્રી રાજજીની છે. એટલા માટે એ લીલાઓને બ્રાહ્મીલીલા કહેવામાં આવે છે. પરમધામની બ્રાહ્મીલીલાને નિજલીલા પણ કહે છે. શ્રી રાજશ્યામાજી સાથે હોવાથી નશ્વર જગતમાં પણ તેમને પરમધામના સુખનો જ અનુભવ થયો. એ સમયે તેમને એ ખ્યાલ ન રહ્યો કે પરમધામની લીલાઓ આનાથી જુદી છે. તેઓ આ લીલાઓમાં મસ્ત (રત) હતી. એ સમયે તેમને એ લીલાઓ સિવાય કંઈ જ ખ્યાલ ન હતો. કહ્યું પણ છે,

**પેહેલે દૃષ્ટેં જો હમારે આઈયા, તે તે મિને ઉજાસ ।**
**હમ ખેલે તિન ઉજાસમેં, ઔર લોક સબકો નાસ ॥**

આમ તો શ્રી રાજજી સાથે લીલા કરતા બ્રહ્માત્માઓએ બીજી તરફ ખ્યાલ રાખવાની જરૂરત ન હતી. તેમણે તે સમયે ભૌતિક સુખ દુઃખનો અનુભવ કર્યો નહિ. એ પોતાના સ્વામીને ભૂલ્યા નથી. શ્રી કૃષ્ણના અંતર્ધાન થવા થતાં તેમનું ધ્યાન શ્રી કૃષ્ણજી તરફ જ હતું. જો કે પરમધામનો આનંદ વ્રજ રાસની લીલાઓના આનંદથી શ્રેષ્ઠ છે, છતાં પણ શ્રી રાજજી સાથે હોવાથી તેમને આ જગતમાં પણ શ્રી રાજજીનો આનંદ પ્રાપ્ત થઈ રહ્યો હતો. નશ્વર જગતના સુખ દુઃખથી તેમને

કોઈ મતલબ ન હતો. જો કે વ્રજની લીલા બ્રહ્માત્માઓને નશ્વર જગતના સુખ દુઃખનો અનુભવ કરાવવા માટે હતી, પરંતુ શ્રી રાજજી સાથે રહેવાને કારણે તેમને સુખ દુઃખનો અનુભવ થયો નહિ.

**વ્રજ રાસલીલા દોઊં માહિં દુઃખ તામસિયોં દેખ્યા નાહિં ।**
**પ્રેમ પિયાસોં ના કરે અંતર, તો યે દુઃખ દેખે ક્યોં કર ।।**

બ્રહ્માત્માઓને નશ્વર જગતના સુખદુઃખનો અનુભવ કરાવવા માટે જ પુનઃ જગતમાં મોકલવા પડ્યા જેથી ભૌતિક જગત તરફ આકર્ષાઈને તેઓ પોતાના નશ્વર જગતમાં આવતાંની સાથે જ પોતાની, પોતાના ધણી, ધામ તથા સ્વયંને ભૂલી જાય. થયું પણ એવું જ. નશ્વર જગતમાં આવતાંની સાથે જ પોતાની, પોતાના ધણીની તથા ધામની વિસ્મૃતિ થઈ ગઈ. તેઓ બ્રહ્માત્મા જેવા રહ્યા નહિ. તેમનો વ્યવહાર નશ્વર જગતના જીવો જેવો થઈ ગયો. હવે તેમને જાગ્રત કરવાની આવશ્યકતા પડી. એટલા માટે તારતમ જ્ઞાનનું અવતરણ થયું. શ્રી શ્યામાજી સદ્‌ગુરુના રૂપમાં પ્રગટ થયા.તેઓશ્રીએ અનેક કષ્ટ સહન કરતાં શોધ કરી. શ્રી રાજજી સ્વયં પ્રગટ થયા અને તારતમ મંત્ર તથા જ્ઞાન આપીને પોતાના સ્વરૂપનું જ્ઞાન કરાવ્યું તથા સ્વયં તેમના હૃદયમાં બિરાજમાન થયા. આ રીતે સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજીના હૃદયમાં યુગલસ્વરૂપ બિરાજમાન થયા જેથી તેઓએ પરમધામ, વ્રજ, રાસ, વગેરેનો અનુભવ થયો. ત્યારબાદ સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજીએ શ્રી રાજજી પ્રદત્ત તારતમ મંત્ર આપીને બ્રહ્માત્માઓને જાગૃત કર્યા. ધર્મના મૂળ સ્થાન અર્થાત્ આચાર્ય પીઠ તરીકે શ્રી ૫ નવતનપુરી ધામની સ્થાપના કરી તે સમયે બ્રહ્માત્માઓને આકર્ષવા માટે કેટલીક ચમત્કારિક લીલાઓ પણ કરી. ત્યાર બાદ તારતમ જ્ઞાન દ્વારા તેમને જાગૃત કરવાનું કાર્ય શરૂ કર્યું.આ જ્ઞાન દ્વારા તેમને પરમધામ, વ્રજ, રાસ અને જાગણી આ તમામ લીલાઓનો અનુભવ થવા લાગ્યો.

જાગણી લીલાની એ જ વિશેષતા છે કે તારતમ જ્ઞાન દ્વારા જાગૃત થવાથી પરમધામ, વ્રજ, રાસ તથા જાગણી એ ચારેય લીલાઓનો અનુભવ થઈ શકે છે. કહ્યું પણ છે **'જાગનીમેં જાગતે સુખ'** વાસ્તવમાં જાગૃત થવાથી જ આ શક્ય છે. વ્રજ તથા રાસ લીલાઓમાં પોતાના ધામધણી સાથે રહેવાથી સંભવતઃ બ્રહ્માત્માઓને અત્યંત આનંદનો અનુભવ થયો. પરંતુ આનંદમાં મગ્ન રહેવાથી તેમને પરમધામ તથા વ્રજ રાસના અંતરનો ખ્યાલ ન રહ્યો. આ સુખ તો તારતમ જ્ઞાન દ્વારા જાગૃત થવાથી જ પ્રાપ્ત થાય છે અને એ પણ બ્રહ્માત્માઓને જ. એટલે જ કહ્યું છે,

**અબ જાગ દેખો સુખ જાગની, એ સુખ સુહાગિન જોગ ।**
**તીન લીલા ચૌથી ઘરકી, ઈન ચારોંકો યામેં ભોગ ।।**

અહીં બ્રહ્માત્માઓને સુહાગિન કહેલ છે. સોહાગિનીનો અર્થ છે કે જેમને પોતાના સ્વામી શ્રી રાજજીનું સુખ પ્રાપ્ત છે. લોક વ્યવહારમાં પણ એવું જોવા મળે છે કે જે સ્ત્રીનો સંબંધ તેના પતિ સાથે નિરંતર હોય એ જ સુહાગિની કહેવાય છે. એ જ રીતે એ આત્મા સોહાગણ કહેવાય, જેનો સંબંધ અક્ષરાતીત પરમાત્મા સાથે હોય. હવે આપણે એ વિચાર કરવાનો છે કે આપણો સંબંધ શ્રી અક્ષરાતીત પરમાત્મા સાથે છે કે નહિ ? આમ તો આ સમગ્ર સૃષ્ટિ મૂળમાં અક્ષરાતીત સાથે સંબંધિત છે પરંતુ તેને આનો કોઈ અનુભવ થતો નથી. એ જ રીતે આપણે પણ વિચાર કરવો જોઈએ કે આપણને શ્રી રાજજીનો અનુભવ થાય છે કે નહિ ? જો આવો અનુભવ થતો હોય તો આપણે બ્રહ્માત્મા છીએ, અન્યથા નથી. આપણને એવો અનુભવ તો થતો નથી, પરંતુ આપણે અનુભવ કરવા ઈચ્છીએ છીએ, તો વિલંબ ન કરવો જોઈએ, પરંતુ આપણે તેની જાણકારીથી જ સંતુષ્ટ રહીએ છીએ તો નક્કી આપણે બ્રહ્માત્મા નથી.

તારતમ જ્ઞાન દ્વારા જાગૃત થવાથી આપણને શ્રી રાજજી સાથેના સંબંધનો પરિચય થશે અને પ્રેમલક્ષણાભક્તિ દ્વારા શ્રી રાજજીનો અનુભવ થશે. એ જ જાગણીનું સુખ છે. હવે જાગૃત થઈને આ સુખનો અનુભવ કરીએ.

સામાન્ય રીતે આપણને એવો અનુભવ તથા જાણકારી આપ મેળે પ્રાપ્ત થતાં નથી. એ માટે વિશેષ માર્ગદર્શનની આવશ્યકતા રહે છે. એ માર્ગદર્શન ગુરુજનો દ્વારા પ્રાપ્ત થાય છે. એટલા માટે ગુરુનું સ્થાન બહુ જ ઊંચું છે. મહામતિ શ્રી પ્રાણનાથજી કહે છે, જેવી રીતે મૃગજલથી તરસ છીપી શકે નહીં તેવી રીતે ગુરુ વગર જીવ પાર પામી શકતો નથી. એમાં પણ સદ્‌ગુરુઉની પ્રાપ્તિ થાય તો પોતાનો, પરમાત્માનો તથા પરમધામનો અનુભવ થાય. જીવનમાં અભ્યુદય માટે ગુરુની વિશિષ્ટ ભૂમિકા હોય છે. એટલે મંગલાચરણમાં ગુરુની વંદના કરવામાં આવે છે. સાથોસાથ એ પણ ભૂલવું જોઈએ નહીં કે પરમાત્માનું સ્થાન ગુરુથી બહુંજ ઊંચું છે. પરમાત્મા પરમધામના સ્વામી છે તો ગુરુ માર્ગદર્શક છે. સ્વામી તથા માર્ગદર્શકમાં ઘણું અંતર છે. આ અંતર સમજીને વિવેકપૂર્વક વ્યવહાર કરવો જોઈએ. એથી ગુરુનું મહત્ત્વ ઓછું થતું નથી પણ વધી જાય છે. પરંતુ માત્ર અંધાનુકરણ કરવાથી તો બંન્ને ડૂબી જાય છે. ગુરુના માર્ગદર્શનમાં પોતાની સાધના આગળ ધપાવવાથી સફળતા પ્રાપ્ત થાય છે. જીવનમાં ગુરુનું નિરંતર માર્ગદર્શન આવશ્યક છે. આ રીતે આગળ ધપતી સાધના અનુભવ

સુધી પહોંચાડી શકે છે. માત્ર ઔપચારિકતા માટે ગુરુ બનાવવાથી લાભ થતો નથી. માનવ જીવનના લક્ષ તથા તેની પ્રાપ્તિ માટે ગુરુજન માર્ગદર્શક છે. તેમના માર્ગદર્શન વગર સન્દેહ મટી જતો નથી.

તારતમ જ્ઞાનથી જાગૃત થયા બાદ તમામ સન્દેહ શાન્ત થઈ જાય છે. એટલા માટે જ કહ્યું છે, **'અબ જાગ દેખો સુખ જાગની'** જાગૃત થશો તો તમને અહીં બેઠાં બેઠાં વ્રજ-રાસ, જાગણી તથા પરમધામનો અનુભવ થશે. નશ્વર જગતમાં રહેવા છતાં પણ પરમધામનો અનુભવ કરવા માટે આ તારતમ જ્ઞાન છે. પરમધામમાં જાગૃત થવું એ તો શ્રી રાજજી પર અવલમ્વિત છે. **'ધણી જગાએ જાગહીં' તથા 'સો આજ્ઞાએ ઉઠ બૈઠસી, સબ અપની વતન'** વગેરે વચનો આ જ વાત કહે છે. શ્રી રાજજીએ બ્રહ્માત્માઓને પોતાના સમક્ષ બેસાડી તેમની સુરતાને નશ્વર જગતમાં મોકલી અને જગતનો ખેલ દેખાડ્યો. જ્યારે તેઓ બ્રહ્માત્માઓને જાગૃત કરશે ત્યારે તેઓ એક સાથે જાગૃત થશે. પરંતુ જગતનો ખેલ જોવા છતાં પણ પરમધામ તેમજ ધામધણીનો અનુભવ થઈ શકે તે માટે તો જાગૃત થવું આવશ્યક છે. આ તારતમ જ્ઞાન જાગૃતિ માટે જ છે. અને આ અવસર પણ જાગણીનો જ છે. આમાં આત્મ-જાગૃતિ થશે તો તેને **'ઈતહી બૈઠે ઘર જાગે ધામ'** નો અનુભવ થશે.

---

# ધર્મ પ્રચારકોની શિબિર

## (૨૭ થી ૩૧ ડિસેમ્બર ૨૦૧૧)

**ધર્મપ્રાણ સુંદરસાથજી !**

**આગામી તા. ૨૭ થી ૩૧ ડિસેમ્બર ૨૦૧૧ સુધી શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મના પ્રચારકોની શિબિર શ્રી ૫ નવતનપુરી ધામમાં રાખવામાં આવેલ છે.**

**આ પંચદિવસીય કાર્યક્રમમાં ધર્મના સિદ્ધાન્તો, પ્રચાર-પ્રસારની રીત, પ્રચાર-પ્રસારમાં આવનારા વ્યવધાનો તેમજ તેમના નિવારણના ઉપાયો અંગે વિશદ વિવેચન, પરિસંવાદ તેમજ માર્ગદર્શન આપવામાં આવશે.**

**જે પ્રચારકો તથા સન્તો વર્તમાનમાં ધર્મના પ્રચાર-પ્રસારનું કાર્ય કરી રહેલ છે તેઓએ જ આ કાર્યક્રમમાં ભાગ લેવાનું છે. તેઓએ પોતાના રજિસ્ટ્રેશન માટે પુજારીશ્રી યમનાથજી શાસ્ત્રી (મો. ૯૮૯૮૦૧૬૬૭૭)નો સમ્પર્ક સાધવા વિનંતી.**

**સંતસભા**

# પ્રગટવાણીનું સાર-દર્શન

## પરમધામવાસી પં. હરિપ્રસાદ શર્મા, શાસ્ત્રી

પ્રગટવાણી શ્રી પ્રકાશ ગ્રંથનું અંતિમ મોતી છે, એમાં શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ-શ્રી નિજાનંદ સમ્પ્રદાયનો સમગ્ર ઈતિહાસ સમાયેલો છે. સ્વામી શ્રી પ્રાણનાથજી પ્રકરણનો પ્રારંભ 'અબ' અર્થાત્ હવે થી કરે છે. એનો અર્થ એ થયો કે હજુ સુધી પ્રણામી ધર્મના મૂળનો ઈતિહાસ પ્રકાશિત થયો ન હતો.

દિવ્ય પરમધામ મૂલમિલાવામાં બેઠેલી બ્રહ્માંગનાઓની સુરતા માયામય જગતમાં આવી છે. આ ઈતિહાસના સ્મરણ અને ચિંતનથી તેમની આ સુરતા ફરીથી દિવ્ય પરમધામમાં પહોંચશે અને જાગૃત થશે, સાથોસાથ ચૌદ લોકના અન્ય જીવોને પણ તેમની સુવાસ પ્રાપ્ત થશે અને તેઓ પણ અખંડ મુક્તિ સ્થાનને પ્રાપ્ત કરી શકશે.

સ્વામી શ્રી પ્રાણનાથજી સંસારની રચનાનું કારણ દર્શાવે છે. આ મોહમય સંસાર-રચનાનાં બે કારણ બન્યાં :-

પરમધામના અખંડ આનંદમાં જ મસ્ત રહી લીલા વિહાર કરવાવાળી બ્રહ્મ અંગનાઓને સુખ-દુઃખ શું ચીજ છે એની ખબર ન હતી. તેથી તેમને આ બાબતની અનુભૂતિ કરાવવી આવશ્યક હતી.

અક્ષરબ્રહ્મ પોતાની જ્ઞાન શક્તિ તથા કલ્પના દ્વારા નશ્વર દુઃખ-સુખ મિશ્રિત બ્રહ્માંડનું નિર્માણ અને વિલય પણ કરતા રહે છે. તેમાં પ્રેમાનુભૂતિ ન હતી. બ્રહ્માંગનાઓને દુઃખનો અનુભવ ન થવો અને અક્ષરબ્રહ્મને બ્રહ્માંગનાઓના આનંદ-વિહારનું સુખ પ્રાપ્ત કરવાની ઈચ્છા થવી આ બંનેને સંસાર રચનાનું મહાકારણ માનવામાં આવે છે. તેથી બ્રહ્મના આનંદ અંગ બ્રહ્માત્માઓને દુઃખની અનુભૂતિ અને સત અંગ અક્ષર બ્રહ્મને પ્રેમની આનંદમયી અનુભૂતિ કરાવવી એ જ સૃષ્ટિ સર્જનનું મૂળ કારણ બન્યું.

શ્રી રાજજીએ આપણા મનમાં અક્ષરબ્રહ્મકૃત નશ્વર નાટક નિરખવાની ઈચ્છા જાગૃત કરી. પોતાના સત્સ્વરૂપ અક્ષર ભગવાનના મનમાં અક્ષરાતીત(પોતાની)ની અંતરંગલીલા અવલોકન કરવાની ભાવના પણ જાગ્રત કરાવી દીધી. પછી શું કહેવું ? સૃષ્ટિની ઉત્પત્તિ મારું(મોહ) અને હું (અહંકાર) થી થઈ ગઈ.

જ્યારે મોહ અને અહંકારની ઉત્પતિ થઈ ન હતી, નિરાકાર સત્તા અને શૂન્યનો વિસ્તાર પણ થયો ન હતો, મૂળ પ્રકૃતિ પણ બીજ રૂપે જ પ્રસુપ્ત હતી, સચ્ચિદાનંદમય બ્રહ્મના સત્સ્વરૂપ અક્ષરબ્રહ્મ બાલ સ્વભાવથી પ્રેરિત થઈ વિશ્વની રચના તથા સંવરણની લીલા કરતા રહેતા હતા.

તેમની સૃષ્ટિ નિર્માણની ઈચ્છાને જ મૂળ પ્રકૃતિ કહેવામાં આવી છે. અક્ષરબ્રહ્મ પોતાની મૂળ પ્રકૃતિ દ્વારા નેત્ર પરિભ્રમણ કરી પળ માત્રમાં કરોડો બ્રહ્માંડોને બનાવી લય પણ કરે છે, જેમાં બ્રહ્માદિ દેવ સહિત સમસ્ત વિશ્વ દેખાય છે. આવાં કેટલાયે બ્રહ્માંડ અને બ્રહ્માદિ દેવ તેમની એક પળમાં બને અને નાશ પામતાં રહે છે.

નિત્ય વૈકુંઠના અધિપતિ અક્ષરબ્રહ્મ પરમધામ રંગ મહોલની આગળ ચાંદની ચોકમાં જઈ હંમેશા પોતાના પ્રિયતમ અક્ષરાતીત શ્રી રાજજીનાં દર્શન કરે છે. તો પણ તેમને બ્રહ્માત્માઓના દર્શન થતાં નહીં. શ્રી રાજજીની પ્રેરણાથી તેઓને બ્રહ્માત્માઓનાં દર્શન થયા અને બ્રહ્માત્માઓ અને શ્રી રાજજીની લીલાના દર્શન કરવાની અભિલાષા જાગ્રત થઈ. તો બીજી બાજુ બ્રહ્માત્માઓના મનમાં પણ શ્રી રાજજી દ્વારા પ્રેરિત જિજ્ઞાસા થઈ કે અક્ષરબ્રહ્મની લીલાનું અવલોકન કરીએ.

અમે બધી સખીઓએ શ્રી રાજજીની નજીક જઈ વિનંતી કરી કે આપ અવશ્ય અમોને અક્ષરબ્રહ્મ રચિત જગતનું અવલોકન કરાવો. પ્રાણપતિએ વિનોદ કરવાના હેતુથી અમને રોકવાની લીલા કરતાં ત્રણ વાર મનાઈ કરી. અમે પણ ત્રણ વાર જગતનું અવલોકન કરવાની અભિલાષા વ્યક્ત કરી.

પ્રેમ કોની પાસે વધારે છે ? પોતાના પ્રેમની પરીક્ષા લેવાના હેતુથી અમે પણ ફરી અનુનય વિનય કર્યો કે અમે અવશ્ય સંસાર જોઈશું. આ સમયે પ્રિયતમે જણાવ્યું કે સંસારમાં જઈ તમે લોકો પોતાનું ઘર પરમધામ, પોતાના સ્વામી અને મને પણ ભૂલી જશો. એટલું જ નહીં તમે સ્વયં પોતાને પણ ભૂલી સાંસારિક માતાપિતા બનશો. છતાં પણ અમોએ પ્રિયતમ પાસે આગ્રહ કર્યો જેથી અક્ષરબ્રહ્મને સૃષ્ટિ નિર્માણની અને અમો બધી સખીઓને ખેલ જોવાની અનુમતિ મળી ગઈ.

**ખેલ દેખન હમ પિયા સોં કહી, તબ હમ દોઊ પર આજ્ઞા ભઈ ।**

આ રીતે સંસાર-રચના અને અમારા ખેલમાં આવવાનાં બે કારણ બન્યાં. શ્રી રાજજીએ અમારા બંને (અક્ષરબ્રહ્મ અને સખીઓ) પર પોતાનું આવરણ નાંખી

દીધું. તેમની માયાએ આપણા મનમાં મોહ ઉત્પન્ન કર્યો. અક્ષરબ્રહ્મની સુરતા સંચરિત થયેથી માયામાં ક્ષોભ ઉત્પન્ન થયો. બીજ રૂપે પ્રસુપ્ત માયાનો વિસ્તાર થઈ ગયો. પરમધામથી વિપરિત અસત જડ દુઃખાત્મક સૃષ્ટિ નિર્માણનો ક્રમ પ્રારંભ થયો.

**ઈત અક્ષરકો વિલસ્યો મન, પાંચ તત્ત્વ ચૌદે ભવન ।**
**યામે મહાવિષ્ણુ મન મનથેં ત્રિગુણ, તાથેં થિર ચર સબ ઉત્પન્ન ।।**

અક્ષરભગવાનના મનના વિલાસ (મૂલ પ્રકૃતિ) દ્વારા પાંચ તત્ત્વ ઉત્પન્ન થયાં. પાંચ તત્ત્વ દ્વારા ચૌદ ભુવનોનું નિર્માણ થયું. પછી અક્ષર બ્રહ્મના મનના સ્વરૂપ મહાવિષ્ણુ, મહાવિષ્ણુથી ત્રણ ગુણ અને તેમના દેવતા, બ્રહ્મા, વિષ્ણુ, મહેશનો આવિર્ભાવ થયો. ત્રણ ગુણ અને પાંચ તત્ત્વથી સમગ્ર સૃષ્ટિનો વિકાસ થયો.

આ સંસાર આપણા સખીજનોને દુઃખ-સુખનો અનુભવ કરાવવાના હેતુથી બનાવવામાં આવ્યો. શ્રી રાજજીની આજ્ઞા થતાં જ અમોને એ માલૂમ થવા લાગ્યું કે અમારું ઘર નશ્વર જગત ગોકુલમાં છે.

**જ્યોં નીંદમેં દેખિયે સુપન, યોં ઉપજે હમ વ્રજ વધુ જન ।**
**ઉપજત હી મન આસા ઘની, હમ કબ મિલસી અપને ધની ।।**

જે રીતે ઊંઘમાં સ્વપ્ન દેખાય છે, તે જ પ્રમાણે અમે સ્વયં પોતાને વ્રજની ગોપીઓ માનવા લાગી. વ્રજમાં આવતાં જ અમારા મનમાં કૃષ્ણ-દર્શનની અભિલાષા જાગ્રત થઈ અને અક્ષર બ્રહ્મની મૂળ સુરતાએ શ્રી રાજજીનો આવેશ લઈ નંદરાયના ઘરમાં શિશુ રૂપે પ્રવેશ કર્યો.

વ્રજમાં શ્રી કૃષ્ણજીએ વિવિધ પ્રકારની બાળલીલાઓ દ્વારા સખીઓને પ્રેમાનંદ પ્રદાન કર્યો. મૂળ વચનોને ભૂલી અક્ષરબ્રહ્મ અને સખીજન બન્ને જગત જીવોની જેમ ખેલમાં મગ્ન થઈ ગયાં છે. તેઓને આત્મવિસ્મૃતિ થઈ ગઈ છે એવો વિચાર કરી અર્ધી નીંદર દૂર કરી. શ્રી કૃષ્ણ અગિયાર વર્ષ અને બાવન દિન પછી કેવળ ધામના યોગમાયા દ્વારા રચિત ચિન્મય બ્રહ્માંડ નિત્યવૃન્દાવનમાં પહોંચ્યા અને બંશીનાદ દ્વારા સખીઓને પણ બોલાવી લીધી.

**તબ ધામ ધનીએ કિયો વિચાર, એ દોઊ મગન હોય ખેલે નર નાર ।**
**મૂલ વચનકી નાહીં સુધ, એ ખેલે દોઊ સુપનકી બુધ ।।**
**યહ બાત ધની ચિતસોં લ્યાએ, આધી નીંદ તબ દઈ ઉડાય ।**
**અગ્યારે વર્ષ ઔર બાવન દિન, તા પીછે પહુંચે વૃન્દાવન ।।**

તામસી અને રાજસી સખીઓ તો બંશીની ધૂન સાંભળતાં જ તત્કાલ ચાલી નીકળી. સાત્વિકી સખીઓને વિચાર કરતાં કરતાં વાર લાગી ગઈ. તેથી શરીરનો ત્યાગ કરી આત્મસ્વરૂપમાં જઈ બધાંથી પ્રથમ પ્રાણપ્રિયતમને મળી. ઈશ્વરીય સૃષ્ટિ જે કુમારિકા સખીઓ પણ કહેવાય છે તેમણે કારતક મહિનામાં વ્રત કરી કૃષ્ણજી પાસેથી વરદાન માગ્યું હતું કે બ્રહ્મપ્રિયા ગોપીઓની જેમ તેમને પણ કૃષ્ણનો પ્રેમ પ્રાપ્ત થાય. ચીર હરણ લીલા દ્વારા તેમનું બાહ્યાવરણ હરણ કરી શ્રી કૃષ્ણજીએ તેઓને રાસ લીલામાં આત્મસ્વરૂપથી સમ્મિલિત થવાનુ આમંત્રણ આપ્યું હતું. તેઓ પણ બંશીનો સૂર સાંભળી આત્મા દ્વારા રાસ મંડળમાં પહોંચી. એક એક સખીની અંદર બે બે કુમારિકાઓના આત્માનો પ્રવેશ થયો. એમનો પરાત્મા પરમધામમાં નથી. તેમણે બ્રહ્માત્માઓની સાથે એકાકાર થઈને રાસ લીલાનો આનંદ પ્રાપ્ત કર્યો.

વ્રજલીલા અગિયાર વર્ષ સુધી કહેવામાં આવી. તેમની સમાપ્તિની સાથે જ કાલમાયાના બ્રહ્માંડનું સંવરણ થયું. બ્રહ્માત્માઓ ચિન્મય બ્રહ્માંડ નિત્ય વૃન્દાવનમાં પહોંચી ગઈ. શ્રી કૃષ્ણજી સાથે તેમનો સંબંધ છે એટલી તો તેમને જાણ હતી. પરન્તુ પોતાના પરાત્મ સ્વરૂપ અને પૂર્ણ બ્રહ્મની સત્તાનો અનુભવ ન હતો. તેમના પોતાના મહત્ત્વની પણ સમજણ ન હતી. આથી એને સ્વપ્નની લીલા માનવામાં આવી છે.

રાસલીલામાં શ્રી કૃષ્ણજી પૂર્ણબ્રહ્મ સ્વરૂપ હતા. રાસલીલાના સમયે સખીઓ એટલી બધી પ્રેમવિભોર થઈ ગઈ કે તેમને દુઃખ-સુખમય જગતની અનુભૂતિ જ ન રહી. જેથી મૂલ સ્વરૂપ શ્રી રાજજીએ વિચાર્યુ આ બન્ને રાસલીલામાં જ મગ્ન થઈ રહ્યાં છે. આ રીતે વિચાર કરી મૂલ સ્વરૂપે અક્ષર બ્રહ્મને તેમના સ્વરૂપનું જ્ઞાન કરાવવા માટે પાતાનો આવેશ ખેંચી લીધો, જેથી તેઓ મૂલ સ્વરૂપમાં પાછા ફરી ચોંકી ગયા.

અક્ષરબ્રહ્મ પોતાના ધામમાં જાગ્રત થતાં જ તેમને માલૂમ થયું કે અરે ! હું ક્યા વનમાં હતો ? તે વન ક્યાં છે, સખીઓ કોણ હતી ? તેઓ ક્યાં રહે છે ? આત્મ વિસ્મૃતિથી જાગ્રત થયે યોગમાયાના બ્રહ્માંડ સહિત રાસલીલા તેમના ચિત્તમાં અખંડ બની ગઈ. આ રીતે અક્ષરબ્રહ્મ પોતાના સ્વરૂપમાં જાગ્રત થયાં રાસમંડળમાંથી શ્રી કૃષ્ણજી અંતર્ધાન થવાથી સખીઓ વિયોગાગ્નિમાં બળીને મૃતઃપ્રાય બની ગઈ. પોતાના પ્રાણનાથ મિલનની આશાથી તેઓએ દેહ ત્યાગ કર્યો નહીં કારણ કે તેમને પોતાના પ્રિયતમ સાથે પ્રેમલીલા કરવાની તીવ્ર ઈચ્છા હતી.

વિરહી આત્માઓએ ખૂબ જ રુદન અને વિલાપ કર્યો. રાધારાણીને શ્રી કૃષ્ણનાં વસ્ત્રાભૂષણ પહેરાવીને વ્રજની સમગ્ર લીલા ફરીથી કરવામાં આવી. શ્રી

રાજજીએ પુનઃ પોતાનો આવેશ મોકલાવ્યો જેથી શ્રી કૃષ્ણ પ્રગટ થઈ ગયા. બ્રહ્માત્માઓને અતિ આનંદ થયો અને તેમનાં દુઃખોનો અંત આવ્યો.

રસરાજ નૂતન શ્રૃંગાર કરી આવ્યા. આ સ્વરૂપ બ્રહ્માત્માઓના એકાત્મભાવ દ્વારા પ્રગટ ભજનાનંદી સ્વરૂપ હતું. આ જ સ્વરૂપમાં એકાગ્ર થઈ બ્રહ્માત્માઓની સુરતા લઈને શ્રી રાજજીનું આવેશ સ્વરૂપ પરમધામ પાછું ગયું. તેમના પછી યોગમાયાના બ્રહ્માંડનું પણ સંવરણ થયું તો સખીઓની નીંદર (ઇચ્છા) શેષ રહી ગઈ. વ્રજલીલા(બાલલીલા)ના ધ્યાનની પછી અક્ષરબ્રહ્મ દ્વારા વિચાર કરવાથી તેમના ચિત્તમાં વ્રજલીલા પણ અખંડ થઈ. અક્ષરબ્રહ્મના અંતઃકરણ સદાશિવ (ચિત્ત) માં આ લીલા આજે પણ જેમની તેમ અંકિત છે. આમ વ્રજ અને રાસ બ્રહ્માંડ અક્ષરના ચિત્તમાં અખંડ થયાં.

વ્રજલીલામાં બાવન દિવસની વિયોગલીલા અને રાસલીલામાં અન્તર્ધાન લીલાને છોડી સખીઓને દુઃખનો અનુભવ ન થયો. આથી મનમાં અંદેશ બની રહ્યો. ઇચ્છા અધૂરી રહી ગઈ. રાસ લીલા માટે સંવરણ કરેલું કાલમાયાનું બ્રહ્માંડ શ્રી રાજજીની આજ્ઞા શક્તિએ જેમનું તેમ બનાવી દીધું. આ બ્રહ્માંડ શ્રી રાજજીની આજ્ઞાનો જ વિસ્તાર છે. પ્રત્યેક પરમાણુમાં તેમની આજ્ઞા જ લીલા દેખાડી રહી છે.

વ્રજમંડલ કાલમાયાનું હતું. આ ત્રીજું જાગણીનું બ્રહ્માંડ પણ તેવું જ કાલમાયાનું વિનાશશીલ નવો સંસાર બન્યું. પરન્તુ બધાને આ વિદિત થયું કે આ તે જ દુનિયાં છે. અમે રાત્રિમા કોઈ પણ સ્વપ્ન જોઈને ઉઠ્યા છીએ. આ બ્રહ્માંડ અક્ષરની ઇચ્છા શક્તિ (મૂલ પ્રકૃતિ) થી બનેલું છે.

**વેદ ઋચા :** અક્ષરની સુરતાએ ગોપીઓના રૂપે અવતાર લીધો. એમને શાસ્ત્રોમાં વેદઋચા પણ કહી છે. ઉદ્ધવજી તેમને જ યોગવિદ્યાનો ઉપદેશ આપવા ગયા હતા. અક્ષરરૂપ ચિદ્રૂપ બ્રહ્મે (ગોલોકી નાથ શ્રી કૃષ્ણજીએ) ગોકુલમાં સાત દિવસ અને મથુરામાં ચાર દિવસ સુધી લીલાઓ કરી. જ્યારે મથુરામાં પહોંચી ગજ, મલ્લ અને કંસનો ઉદ્ધાર કરી ઉગ્રસેનને રાજતિલક કર્યું અને પોતાના માતાપિતાને બંધનમાંથી મુક્ત કરી ગ્વાલ ભેષ ઉતારી નાંખ્યો તથા યમુનાજીમાં સ્નાન કરી રાજ વેષ ધારણ કર્યો ત્યારે કૃષ્ણમાં ગોલોકી શક્તિ ન રહી. કેવળ યોગેશ્વર કૃષ્ણ જ રહી ગયા.

**વિષ્ણુના અવતાર શ્રી કૃષ્ણ :** જ્યારે મથુરામાં જરાસંધે ચઢાઈ કરી તે

સમયે શ્રી કૃષ્ણજીને ચિંતા થઈ. જેથી વૈકુંઠમાથી વિષ્ણુ ભગવાનની શક્તિની સાથે રથ શસ્ત્રાદિ આવ્યાં. જ્યારે જરાસંધ અઢારમી વાર કાલયવનને લઈ યુદ્ધ માટે આવ્યો તો ભગવાન ભાગતાં ભાગતાં દ્વારિકા પહોંચ્યા અને દ્વારકાધીશ બન્યા.

મથુરામાં અને દ્વારિકામાં દૈવીલીલા કરી તેઓએ કેટલીયે આસુરી શક્તિની સાથે યુદ્ધ કર્યું. આ રીતે દૈવી લીલા કરી ભગવાન વિષ્ણુના અવતાર સ્વરૂપ શ્રી કૃષ્ણજી વૈકુંઠ પધાર્યા. સ્વામી પ્રાણનાથજી કહે છે,

**મથુરા દ્વારકા લીલા કર, જાય પહુંચે વિષ્ણુ વૈકુંઠ ઘર ।**
**અબ મૂલ સખિયાં ધામકી જેહ, તિન ફેર આઈ ધરી ઈત દેહ ॥**

**પુનઃ બ્રહ્મસૃષ્ટિઓનું આગમન :** મથુરા અને દ્વારિકામાં દૈવી શક્તિ પ્રદર્શિત કરી વૈકુંઠનાથ પોતાના ધામ પાછા ગયા પછી બ્રહ્માત્માઓ પુનઃ આ ધરતી પર જાગણીના બ્રહ્માંડમાં અવતરિત થયા. કારણ કે

**રાસ ખેલતે ઉમેદ રહી તિત, સો બ્રહ્મસૃષ્ટિ સબ આઈ ઈત ।**
**યામેં સૂરત આઈ શ્યામાજીકી સાર, મતુ મેહતા ઘર અવતાર ॥**

રાસ લીલાના સમયે બ્રહ્માત્માઓના મનમાં દુઃખ જોવાની અભિલાષા અધૂરી રહી ગઈ. તેમની પૂર્તિ માટે સુંદરી સખીની વાસનાએ શ્યામાજીની સુરતાને લઈને ઉમરકોટ ગામમાં મતુમહેતાના ઘરમાં શ્રી દેવચંદ્રજીના રૂપે અવતાર લીધો. સદ્ગુરુએ પોતાની જન્મભૂમિ ઉમરકોટ, ભૂજનગર વગેરે સ્થાનોમાં પ્રતિષ્ઠિત સાધુસંતોની વચ્ચે ઘણી જ ખોજ કરી, અનેક શાસ્ત્રો અને મત મતાન્તરોમાં ઊંડા ઊતરી સાધનાઓ કરી તો પણ તેમને આત્મબોધ ન થયો. જેથી બ્રહ્મરસ પિપાસુ બનીને પચીસ વર્ષની અવસ્થામાં નવાનગર-જામનગરમાં આવી શ્રીમદ્ભાગવતની કથા શ્રવણ કરી. તે સમયે તારતમ બીજમંત્ર સાક્ષાત્ અનાદિ અક્ષરાતીત શ્રી કૃષ્ણજી દ્વારા પ્રાપ્ત થયો.

અનાદિ અક્ષરાતીત શ્રી કૃષ્ણજીએ શ્રી દેવચંદ્રજીની વાસનાનું નામ સુંદરબાઈ બતાવી પોતાના મૂળ ઘર પરમધામનાં સાક્ષાત્ દર્શન કરાવ્યાં. **(ક્રમશઃ ...)**

---

**ધન ધન પાંચો તત્ત્વ, ધન ધન ત્રૈગુન ।**
**ધન ધન જુગ સો કલજુગ, ધન ધન પુરી નૌતન ॥**

**(પ્રકાશ હિ. ૩૧/૨૯)**

# પગલી ગોપીની પ્રેમ સાધના-૨

## પ્રેમ પીયૂષ રસપાન - ૫

### કથા લેખક : પં. મંગલજી ઉદ્ધવજી શાસ્ત્રી, સદ્‌વિદ્યાલંકાર

(ગતાંક પૃષ્ઠ ૧૯ ... થી આગળ)

જગત નિયંતાની આ વિશ્વ રંગભૂમિમાં શાસ્ત્રીય નૃત્યોથી ભિન્ન નિત્ય નવા-નવા નૃત્ય પ્રયોગો થતાં જ રહે છે. દેશ, કાળ, સમાજ અને પાત્રભેદથી લૌકિક નૃત્યના અનેક પ્રકારો અસ્તિત્વમાં આવ્યા છે. તેમાંના થોડાક નૃત્ય પ્રયોગોનું આપણે અહીં અવલોકન કરીએ.

(૧) માયાના જી હજૂરીઆઓ નર્તકીની જેમ ગોળ ગોળ ફરવામાં 'ફેશન' સમજે છે. એકની એક વસ્તુમાં થોડોક ફેરફાર કરીને માત્ર કપડાં, દાગીનાઓ, પહેરવેશ અને અભિનય વગેરેમાં જ આ નૃત્યકળા થોડાં વર્ષો પછી પાછી ત્યાંની ત્યાં જ આવી રહે છે, કદાચ સમય પૂરો થતાં એ બધા શૂન્યમાં સમાઈ જાય છે.

(૨) દૂધપાકમાં ફરતા-ડૂબતા ચમચાઓની જેમ સંપત્તિ અને સત્તા મેળવનારાઓના નાચ-ગાનમાં ઢોલકી વગાડનારા ચમચાઓનું નૃત્ય જોવા જેવું હોય છે, આવા ચમચાઓ કદાચ સત્તાને સંપત્તિના દૂધપાકમાં ફરવાનું અભિમાન લઈ શકે છે પરંતુ એ દૂધપાકનો ખરો સ્વાદ તો બીજાઓ જ લઈ જાય છે. ધન, યૌવન, સત્તા અને સંપત્તિની પાછળ ફરનારા ચમચાઓને તો સાફ કરતી વખતે માટીના સ્વાદ સિવાય બીજું કાંઈ મળતું નથી.

(૩) ધર્મ, સમાજ, જાતિ અને આચાર-વિચારનાં બંધનોને નહિ સ્વીકારનારા સ્વચ્છંદી લોકોનો નાચ પણ નિરખી-નિરખીને જોવા જેવો હોય છે. માત્ર સ્વાદેન્દ્રિયો અથવા વિષયેન્દ્રિયોને બેલગામ બનાવવા સિવાય આ નાચનો બીજો કોઈ હેતુ હોતો નથી. આવા લોકો ઘરના કે ઘાટના મટી જઈને ભટકતા ફરે છે અને પરિણામે અનાચાર અને દુરાચાર જેવા ભયંકર માનસિક રોગોના ભોગ બની બનાવીને શૂન્યમાં જાય છે.

(૪) યૌવન, ધન અને સત્તાના નશામાં ચકચૂર બનેલા અને વિવેક ભૂલીને નૃત્ય કરનારાઓની નૃત્ય પરંપરા તો ચોમાસામાં દીવાની ચારેય બાજુ નાચનારાં પતંગિયાઓ જેવી ક્ષણિક છતાં જુસ્સાદાર હોય છે. આવાં ભેળસેળ નૃત્યો તો ડીસ્કો

નૃત્યની જેમ વ્યાપક બની ગયાં છે પરંતુ આવાં નૃત્યો પતંગિયાઓની જેમ અલ્પ પ્રકાશ પાથરીને અંતે અંધકારમાં વિલીન થાય છે. હવામાં ઊડી ગયેલી એની રાખ પણ જોવા મળતી નથી.

ઉપર દર્શાવેલા ચાર પ્રકારના નૃત્યકારોમાં લૌકિક નૃત્યકારોનો સમાવેશ થઈ જાય છે પરંતુ એ લૌકિક નૃત્યોનું પરિણામ અંધાધૂંધી અને અંતે વિનાશ છે.

આનંદના પ્રસંગ સિવાય પણ માનવ નાચે છે અન્યને આનંદ આપવા પણ નાચવું પડે છે. કલાને ખાતર પણ નૃત્ય કરાય છે. માત્ર માનવો જ નહિ પણ પશુ-પક્ષી અને પ્રાણીમાત્ર આનંદના દર્શન માટે નાચે છે. ત્યારે ભક્તો અને ભગવાનનું નૃત્ય આનંદના વિસ્તાર અર્થે થતું હોય છે. લૌકિક નૃત્યોમાં જીવોની સ્વચ્છંદતા, સ્વતંત્રતા હોય છે ત્યારે આ અલૌકિક નૃત્યમાં સ્વયં પ્રભુની જ સ્વતંત્રતા હોય છે. પ્રભુના આ આનંદાંશ દ્વારા જીવો સ્વજીવનમાં દિવ્ય આનંદનો અનુભવ કરે છે અને પ્રભુની ઇચ્છાને અનુકૂલ રહીને કીર્તન, નર્તન અને વર્તન કરે છે.

આપણે જોયું કે પ્રભાતના પહોરમાં છાલિયું લઈને છાશ પીવા આવેલા કન્હૈયા પાસે વિદ્યાવતીએ છાશની કિમ્મત માગી છે. ભક્ત અને ભગવાનની આ લીલા પ્રેમવિવાદ પણ પરસ્પરના આનંદ માટે જ હોય છે. પ્રભુના પ્રશ્નના ઉત્તરમાં વિદ્યાવતી હવે છાશની કિમ્મત બતાવે છે.

શ્યામ...મંદહાસ્ય કરતી વિદ્યાવતી કહે છે, જ્યારથી માતા યશોદાએ તારા આ કોમળ ચરણોમાં સોનાનાં નૂપુર પહેરાવ્યાં છે, તે દિવસથી વેદોએ એ નૂપુરમાં નિવાસ કર્યો છે. મારી સખી પ્રેમવતીએ કહ્યું કે જ્યારે તું થેઈ થેઈ કરીને નૃત્ય કરે છે, ત્યારે તેમાં વેદોના મંત્રોનો ધ્વનિ સંભળાય છે. તારા નૃત્યના ઠુમકાને સાંભળવા માટે વિશ્વના ભાગ્યશાળી જીવો કાન માંડીને સ્થિર થઈ જાય છે, આકાશમાર્ગે ઊભેલા વિદ્યાધરો નૃત્યમાં વાજિંત્રો બજાવે છે. અપ્સરાઓ આશ્ચર્યમુગ્ધ બની જાય છે. મારી છાશના મૂલ્ય રૂપે મારે એ દિવ્ય નૃત્ય જોવાની ઇચ્છા છે. મફતમાં મેળવેલી છાશ કરતાં મૂલ્ય ચૂકવીને પીધેલી છાશ અમૃત સમાન મીઠી લાગશે.

એમ કરો તો...કન્હૈયાએ કહ્યું. પ્રથમ એક કટોરો ભરીને છાસ પી લેવા દે. પછી નાચી બતાવું.

ના ના ના, વિદ્યાવતી હસીને બોલી, મૂલ્ય પહેલાં, ને માલ પછીથી હાથો હાથ આપવાનો. આ વેપારમાં ઉધાર બંધ છે.

બહુ સારું, કન્હૈયાએ કહ્યું. પરંતુ ગાન વિના નૃત્ય શોભતું નથી, તું ગાય, ને હું નાચું અને પછી તો તારે પણ નૃત્ય કરવું પડશે.

મારા નાનકડા નટવર ! વિદ્યાવતીના શબ્દોમાં ભારોભાર વિવેકના ઝરણાંઓ વહી રહ્યાં હતાં. તારી આજ્ઞાનું પાલન તો હું વિના શરતે કરવા બંધાયેલી છું. ગોપી ગાય, ને નટવર નાચે. તો સારો રસ જામશે. લોકો જાણશે કે ગોપી-કૃષ્ણની આ જોડી સરસ જામી છે અને વિદ્યાવતીએ નૃત્યગીત શરૂ કર્યું.

**(ચલતીના રાગમાં ગવાશે)**

**નાચો નાચો, જરા નાચો નંદકે લાલા ,**
**મુખ પર મધુર મુરલીવાળા ।**
**થેઈ-થઈ કરીને રૂપાળા, નાચો નાચો...।। ૧ ટેક**

(આ નૃત્યગીતનું મંદસ્વરથી ગાન કરતાં શ્રી કૃષ્ણ-મુરલી મનોહરની મૂર્તિના સન્મુખ ધ્યાન કરવાથી એ ધ્યાનના અભ્યાસ દ્વારા ધ્યાનમાં અથવા સ્વપ્નમાં શ્રી કૃષ્ણનાં નૃત્યદર્શન થવાનો અમારા એક ભક્ત હૃદયના મિત્રનો અનુભવ છે. જિજ્ઞાસુ પ્રેમી પાઠકોએ અભ્યાસ કરી જોવો - લેખક)

ગોપી ગાઈ રહી છે ને નંદલાલ નાચી રહ્યો છે. નૂપુરના રણકારમાથી જાણે કે સામગાન છલકાઈ રહ્યું છે. અદ્‌ભુત છે આ નૃત્ય.

**કાના ભલે બન્યા છો કાળા, લાગો આત્માથી પણ વ્હાલા ।**
**હૈયું નાચે એમ કૃપાળા, નાચો નાચો જરા નાચો નંદકે લાલા ।। ૨**

નાનકડો નટવર છે તો રંગે કાળો, છતાં એ કામણગારો હોવાથી આત્માથી પણ વિશેષ રૂપાળો લાગે છે. કાળા કન્હૈયાની સાથે જાણે ગોપીનું ઉજજવલ હૈયું નાચી રહ્યું છે, ઘનઘોર કાળાં વાદળોના સામે જાણે વીજળી ઝબકારા મારી રહી છે.

**વ્હાલા હૈયું મારું ડોલે, મુખથી શ્યામ શ્યામ બોલે ।**
**શ્રુતિના સ્વરનાં નૂપુર વાળા, નાચો નાચો...જરા નાચો નંદકે લાલા ।। ૩**

ગોપીનું ડોલતું હૈયું મુખેથી શ્યામ શ્યામ બોલી રહ્યું છે અને શ્રુતિઓના સ્વરોવાળા નૂપુરનો રણકાર થઈ રહ્યો છે. તાલ, ગીત અને નૃત્ય એકી સાથે ચાલી રહ્યા છે.

**તારે ઠમકે દિગન્ત ડોલે, નાચે સૂર્ય ચંદ્ર ચકડોળે ।**
**નાચે નક્ષત્રો ગ્રહમાળા, નાચો નાચો જરા નાચો નંદકે લાલા ।। ૪**

વિદ્યાવતીનું હૈયુ પોકારી રહ્યું છે. ઓ નટવર ! તારા ઠમકાથી તો દિગંત ડોલે છે અને તેની સાથે જાણે સૂર્ય અને ચંદ્ર ચકડોળ પર બેસીને નાચી રહ્યા છે, સાથે સાથે નક્ષત્રો અને ગ્રહોની માળા પણ સત્યાવીશ નક્ષત્રો અને બાર રાશીઓમાં ફરતી રહે છે.(આ અદ્‌ભુત આકાશ નૃત્યનું વર્ણન છે.)

**નાચે મન મીઠાં મુનિઓનાં નાચે હૈયાં ભક્તજનોનાં ।**
**નાચે વર્ષાની રસ ધારા, નાચો નાચો જરા નાચો નંદકે લાલા ॥ ૫**

ગિરિરાજની કંદરામાં બેઠેલા મુનિઓનાં મધુરા મન નાચી રહ્યાં અને સાથે સાથે ભક્તોનાં હૈયાં તાલ મિલાવી રહ્યાં છે. વર્ષાઋતુની રસધારો પણ આકાશ માર્ગેથી નાચતી રમતી પૃથ્વી દેવીના ઉપર વર્ષી રહી છે.(આ આધ્યાત્મિક નૃત્યનું વર્ણન છે)

**નાચે વૃક્ષો ને વન વેલી, નાચે વસંત થઈને ઘેલી।**
**નાચે જન મન મોર રૂપાળા, નાચો નાચો જરા નાચો નંદકે લાલા ॥ ૬**

એમ તો વારાફરતી છયે ઋતુઓ નાચી જ રહી છે. સાથે વૃક્ષો અને લતાઓ પણ નૃત્યમાં સાથ પૂરાવે છે, માનવ મનના પ્રતિનિધિ રૂપે રૂપાળા મોરલાઓ કલામય નૃત્ય કરી રહ્યા છે.(આ વનસ્પતિ નૃત્યનું વર્ણન છે.)

**નાચે સરિતા ને સરવાણી, નાચે સાગરનાં એ પાણી ।**
**નાચે 'મંગલ' મનની માળા, નાચો નાચો જરા નાચો નંદકે લાલા ॥ ૭**

નાનાં નાનાં ઝરણાંઓ, સરિતાઓ અને સાગરના જળભંડારો નૃત્ય કર્યા કરે છે(આ અદ્‌ભૂત જલનૃત્યનું વર્ણન છે.)

**નાચે નવલો લલિત ત્રિભંગી, નાચે જગનો જીવન સંગી ।**
**સાથે નાચે વ્રજની બાળા, નાચો નાચો જરા નાચો નંદકે લાલા ॥ ૮**

જગતના સ્થાવર જંગમ જડ ચેતન તમામનો જીવનસંગાથી નવલો ત્રિભંગી નાચી રહ્યો છે અને ગોપીનું હૈયું ઠુમ્ ઠુમ્ નાચી રહ્યું છે.

કોઈ અવિચલ યોગીની જેમ સ્થિર દષ્ટિથી વિદ્યાવતી મંદસ્વરથી ગાતાં ગાતાં આ નૃત્યને નિરખી રહી છે. જાણે કે એ ભાવસમાધિના સાગરમાં ડૂબકી મારી રહી છે કોણ વર્ણવી શકે આ નાનકડા નટવરના ત્રિભંગલલિત નૃત્યની અનુપમ ભાવભંગિમાને ? જે નૃત્યને ભાવાત્મક નયનોથી નિહાળીને ભક્ત કવિ રસખાનજીનું ધ્યાનમગ્ન હૃદય નાચી ઊઠે છે.

**(છંદ) શેષ મહેશ દિનેશ સુરેશ હુ, જાહિ નિરંતર પ્રેમસું ગાવે ।**
**જાહિં અખંડ અનંત અચ્છેદ, અનાદિ અભૈદ સુવેદ બતાવૈ ।**
**નારદ સે શુક વ્યાસ રટૈ, પચિહારે તહૂં પુનિ પાર ન પાવે ,**
**તાહિં અહીર કી છોહરિયાં, છછિયાં ભરિ છાછકી નાચ નચાવૈ ॥ ૯**

અર્થાત્ શેષનાગ, શંકર, ઈન્દ્ર આદિ દેવો જેનાં પ્રેમથી ગુણગાન કરતા રહે છે. જેની સ્તુતિ કરતાં વેદો અખંડ, અભેદ અચ્છેદ્ય અને અનાદિ કહે છે. નારદજી શુકદેવજી અને વેદવ્યાસ જેવા મહાત્માઓ નિત્ય રટણ કરતાં થાકી ગયા, છતાં જેનો પાર પામી શકયા નહિ તેવા પૂર્ણબ્રહ્મ સ્વરૂપ બાલકૃષ્ણને ગોકુલની આહીર બાળાઓ ગોપાંગનાઓ એક છાલિયું છાસ આપીને નાચ નચાવે છે.

વિશ્વનાટયના સૂત્રધાર નટવરના આ અલૌકિક નૃત્યને નિરખતાં નિરખતાં વિદ્યાવતીનાં બાહ્યચક્ષુઓ બીડાઈ ગયાં અને ધીમે ધીમે ભાવસમાધિમાં લીન બની ગઈ. અર્ધું નૃત્ય થયા પછી કન્હૈયાએ જોયું ત્યાં તેને દ્દષ્ટા દૃશ્યનું આ ભાવાત્મક ઐક્ય જોવામાં આવ્યું, ગોપીનો પાલવ પકડીને કન્હૈયો કહે છે. અરે વિદ્યાવતી ! ઊંઘી ગઈ કે શું ?

અને અચાનક ભાવસમાધિમાંથી જાગીને વિદ્યાવતી બોલી ઊઠી,

નહિ નહિ મારા શ્યામ ! તારા નૃત્યમાં તન્મય બની જઈને મેં અત્યાર સુધી ભાવનૃત્ય કર્યું. મારા આનંદ માટે નૃત્ય કરાવીને તને પરિશ્રમ આપ્યા બાદ હું ઊંઘી જાઊં એ તો બને જ કેમ ? હવે આ નવનીતમિશ્રિત તાજી મધુરી છાશ નહિ નહિ પ્રેમપીયૂષનું રસપાન કરી લે.

કહીને વિદ્યાવતીએ તાજા માખણ સાથે વલોવેલી છાશનો છલકતો કટોરો શ્યામસુંદરના હાથમાં આપ્યો અને દોડીને વિદ્યાવતી પૂજાગૃહમાં આવી, આગળથી તૈયાર કરી રાખેલો સુંદર પુષ્પહાર લાવીને તેણે નંદકુમારના કંઠમાં આરોપી દીધો અને નૃત્ય કરતાં કરતાં એ બોલી.

**વ્હાલા હૈયું મારું ડોલે, મુખથી ‘શ્યામ શ્યામ’ બોલે ।**
**અર્પું ‘મંગલ’ આ વર માલા, નાચો નાચો, જરા નાચો નંદકે લાલા ॥ ૧૦**

મારા પ્રિયતમ પ્રાણપતિ ! આપણા પૂર્વ સંબંધની મને થયેલી જાગૃતિ અનુસાર આજે શ્યામ શ્યામ સ્મરણ કરતાં મારું હૃદય મંત્રમુગ્ધ બનીને ડોલી રહ્યું છે. એ આનંદના પ્રતિક તરીકે આ વરમાળા આપના કંઠમાં અર્પણ કરું. હવે જરા નાચો. આપના સાથે નૃત્ય કરીને હું પણ કૃતાર્થતાનો અનુભવ કરું.(આ અન્તર્નૃત્યનું વર્ણન છે.)

તૃપ્તિ પર્યન્ત એ પ્રેમપીયૂષરસ (મધુરી છાશ)નું પાન કરીને એ નાનકડા નટવરે અને વિદ્યાવતીએ પુનઃ નૃત્ય શરૂ કર્યું. રસપાનને આપણે માત્ર છાશ કહી શકીશું નહિ. કારણ કે.

**(રાગ- જાગી વ્હેલો પ્રભાતના પ્રહરમાં રે)**

**મંત્રો ભણી ભણી થાકે મુનિજન, છોડી દે ભાવવિના ભિન્ન ભિન્ન ભોજન ।**
**(એ) છાસ પીતો કટોરો લઈ કરમાં રે, શ્યામ આવ્યો જાગી વ્હેલો ॥ ૧૧**

વેદોનાં મંત્રગાન કરીને, આવાહન કરી કરીને જે પ્રભુના માટે ઋષિ મુનિઓ થાકી જાય છે અને ભાવ વિના ધરેલાં ભાત-ભાતનાં ભોજનોનો પણ જેઓ ત્યાગ કરે છે, એ સાક્ષાત્ પુરુષોત્તમ-પરબ્રહ્મ આજે ગોપીના હાથનો છાશનો કટોરો પીએ છે, નંદકિશોરને આજે નવનીત મિશ્રિત છાસ બહુ ગમી ગઈ છે.

આધ્યાત્મિક દષ્ટિએ છાશ એ લૌકિક વ્યવહારનું જ્ઞાન છે, એ જ્ઞાનમાં જો પ્રેમલક્ષણા ભક્તિરૂપી નવનીત(માખણ) મળી જાય તો જ્ઞાન અને ભક્તિનો એ સંગમ અલૌકિક બની જાય છે. લૌકિક કે અલૌકિક જ્ઞાન પણ જો પ્રભુની પ્રેમલક્ષણા અનન્ય ભક્તિ કરે તો તેના જેવું ઉત્તમ કોઈ અન્ય કાર્ય નથી.

અહીં એ નાનકડો નટવર અને વિદ્યાવતીનું, કૃષ્ણ અને ગોપીનું, ગોપી અને કૃષ્ણનું નૃત્ય ચાલુ છે. જાણે ભાવાત્મક સ્નેહનિર્ઝરિણી અને આનંદનો સાગર બન્ને એક બની ગયાં છે. આ નૃત્યના પરમાનંદનું આલેખન આ જડ લેખિની તો ક્યાંથી કરી શકે ? પરંતુ

**ગોપીના સંગ શ્યામ થેઈ થેઈ નાચે, જાણે નિજધામ થકી ઊતર્યા છે સાથે ,**
**'મંગલ' જુએ છે પરસ્પરમાં રે, શ્યામ આવ્યો ગોપીના ઘરમાં ।**
**એણે પકડી વાટકડી કરમાં રે છાશ પીવા ગોપીના ઘરમાં. જાગી વ્હેલો ॥ ૧૨**

જાણે આ ગોપી અને કૃષ્ણ નિજધામમાંથી સાથે જ ઉતરી આવ્યાં હોય, તેમ ભાવાત્મક ઐક્ય દ્વારા થેઈ થેઈ નૃત્ય કરી રહ્યાં છે. એ ભાગ્યવતી ગોપીમાં શ્રી કૃષ્ણને અને શ્રી કૃષ્ણમાં ગોપીને એમ પરસ્પર જોઈને એ ધ્યાન દર્શન દ્વારા જે ભાગ્યવાન જીવ પરમાનંદને મેળવી શકે છે એ પ્રભુના કૃપા પાત્ર પરમભક્ત છે.

નૃત્ય કરતાં પ્રસન્ન થયેલા શ્યામસુંદરે વિદ્યાવતીને કહ્યું ગોપી ! તારી પ્રેમલક્ષણા ભક્તિથી હું તારે આધીન બની ગયો ! મારા પરમપ્રેમી ભક્તોના

પરાધીન બનવામાં મને ખૂબ આનંદ આવે છે. હવે પછી તું મારી એકાન્તિક નિકુંજલીલાની અધિકારિણી બની છે.

પ્રેમી પાઠકોનો આ લીલામાં ભાવાત્મક રીતે પ્રવેશ થશે. તો તેઓ ભાગ્યશાળી બની જશે. સમય થતાં શ્રી કૃષ્ણ નંદાલય તરફ પ્રયાણ કરે છે અને વિદ્યાવતી પોતાના કાર્યમાં લાગી જાય છે.

ગોપી અથવા ગોપીભાવ વાલા ભક્તોના સાથે પ્રભુના આવા પ્રકારના એકાન્તિક રાસ થતા જ રહે છે. વિદ્યાવતી જ્ઞાન અને ભક્તિ દ્વારા નિકુંજલીલાનો અધિકાર પામી ચૂકી છે. પરંતુ પ્રભુ સાથેની નિત્ય એકતા આધિદૈવિક લગ્નમાં હજી એક વિધિ બાકી છે. એ છે છેલ્લો વિધિ કંસાર ભોજન.

પ્રેમવતી સાથેનું કંસાર ભોજન આપણે પૂર્વ પરિચ્છેદોમાં જોઈ ચૂક્યા છીએ અને આ વિદ્યાવતી સાથે પ્રભુ કેવી રીતે કંસાર ભોજન કરે છે ? તે આપણે હવે પછીના અંકમાં જોઈશું.

---

# હું એ જ છું જે તમે છો......

તૈત્તરીય ઉપનિષદમાં બ્રહ્મને આનંદના પ્રતીક માનીને કહે છે કે જેણે સૃષ્ટિ બનાવી છે તે બધામાં છે અને બધા તેમાં છે. આ વિચાર પણ અદ્વૈત દર્શનને પુષ્ટ કરે છે. સાથે બ્રહ્મમાં આનંદની ઉપસ્થિતિ તેના કલ્યાણ સ્વરૂપનું પ્રતીક છે. આનંદથી બ્રહ્મ છે. આનંદમાં જ બ્રહ્મ છે. આનંદથી જ બ્રહ્મ જીવ પેદા થાય છે. આનંદથી જ તે જીવિત રહે છે અને પછી આનંદમાં જ સમાઈ જાય છે.

ઉપનિષદના ૠષિ કહે છે પોતાને ઓળખ, પરમાત્માને ઓળખ, સ્વયં સાથે સાક્ષાત્કાર કરવાની સ્થિતિ વ્યક્તિને અમરત્વના દર્શન કરાવે છે. છાંદોગ્ય ઉપનિષદમાં કહેવામાં આવ્યું છે કે બધું જ બ્રહ્મ છે અને મનુષ્ય તેમાંથી જ ઉત્પન્ન થયો છે. મહામતિ કહે છે,

**પેહેલે આપ પેહેચાનો રે સાધો, પેહેલે આપ પેહેચાનો ।**
**બિના આપ ચીન્હેં પાર બ્રહ્મકો, કૌન કહે મૈં જાનો ।।**

પરમાત્માને જાણવાથી બધી જ શંકાઓ કે માન્યતાઓ દૂર થઈ જાય છે અને જીવનો મોહભાવ નષ્ટ થઈ જાય છે. કોઈ પારકું નથી રહેતું. કોઈના પ્રત્યે વેરભાવના રહેતી નથી બધા જ પોતાના લાગે છે અને વ્યક્તિ અદ્વૈતની સ્થિતિ પ્રાપ્ત કરે છે.

# જીવન ઉપયોગી વાતો

## સંકલન : શ્રી કૃષ્ણ શાસ્ત્રી

આ સંસારમાં પ્રત્યેક મનુષ્ય સુખ, શાંતિ અને પરમ આનંદ મેળવવા ઇચ્છે છે. કોઈ પણ વ્યક્તિ એવું ઈચ્છતો નથી કે તેના અથવા તેના પરિવારને કોઈ પણ પ્રકારનું કષ્ટ તથા અશાંતિનો સામનો કરવો પડે.

પરંતુ પ્રશ્ન એ છે કે દુઃખોમાંથી મુક્તિ કેવી રીતે મળે ? કોઈપણ પ્રકારના દુઃખોમાંથી છુટકારો મેળવવા માટે શરીરનું સ્વસ્થ હોવું બહુ જરૂરી છે. કહ્યું પણ છે કે **પહેલું સુખ તે જાતે નર્યા.**

આ શરીર અમને સાધન રૂપે મળ્યું છે અટલા માટે જ્યાં સુધી આપણું શરીર નિરોગી નહીં હોય ત્યાં સુધી આપણે સુખી થઈ શકીશું નહીં ભલે તે આધ્યાત્મિક હોય કે ભૌતિક સુખ હોય. આ સુખ આપણને ત્યારે મળશે જ્યારે આપણું શરીર સ્વસ્થ હશે.

શરીરને સ્વસ્થ બનાવવા માટે કેટલાંક ઉપાયોનું સંકલન કરવામાં આવ્યું છે જો એનું અનુસરણ કરીશું તો અમે પણ નિરોગી રહી શકીશું. જો શરીર સ્વસ્થ રહેશે તો ભજન, ભક્તિ, ધ્યાન, સ્મરણમાં મન વધુ લાગશે. નહીં તો આપણે જ્યારે પરમાત્માના ધ્યાનમાં બેસીએ ત્યારે આપણું ધ્યાન પ્રભુમાં નહીં જ્યાં શરીરમાં પીડા થઈ રહી છે ત્યાં જ રહેશે.

સ્વસ્થ રહેવા માટે સૌથી પ્રથમ આહાર વિહારનું વિશેષ ધ્યાન રાખવું જોઈએ કેમકે આહાર અને વિહાર પર જ સંપૂર્ણ શરીર નિર્ભર છે. શું ખાવું અને શું ન ખાવું તેના પર પૂરું ધ્યાન આપવું જોઈએ. કેમકે કેટલાંક ખાદ્ય પદાર્થો એક સાથે ખાઈ શકાતા નથી. ભોજન કર્યા પછી પચાવવા માટેની આવશ્યકતા હોય છે.

(૧) શુદ્ધ ભોજન કરવું જોઈએ. **આહાર શુદ્ધૌ સત્વશુદ્ધિઃ** ભોજન શુદ્ધિથી અંતઃકરણ નિર્મલ થાય છે. ભોજન બનાવતી વખતે પરમાત્માને યાદ કરવા જોઈએ. કેમકે જે ભાવથી ભોજન બનાવીએ છીએ તે ભાવ આપણા પરિવારમાં આવે છે. તે જ સંસ્કારો આપણા બાળકોમાં આવે છે. એટલે ભોજન શુદ્ધભાવથી પરમાત્માને યાદ કરીને બનાવવું જોઈએ. ભોજનના દરેક કોળિયાને બરાબર ચાવવો. જેટલી ભૂખ હોય એનાથી થોડું ઓછું ખાવું. હંમેશાં પ્રસન્ન મુદ્રામાં પ્રેમથી ભોજન કરવું.

(૨) અઠવાડિયે એકાદ વાર ઉપવાસ કરવો અને તે દિવસે શ્રમ ન કરવો એટલે શરીરને થોડો આરામ મળે.

(૩) સમયસર ભોજન કરવું. બન્ને તો સમય નક્કી રાખવો.

(૪) જીવનમાં કોઈ પણ ઘટના બને કે બીમારી આવે ત્યારે ધીરજ રાખવી અને કારણ જાણવાનો પ્રયત્ન કરવો જેથી બીજી વખતે સાવધાન રહેવાય.

(૫) હંમેશા ચાલવાનું રાખો, હલકો વ્યાયામ કરો, પ્રાણાયામ કરો. કહ્યું પણ છે કે **પ્રાણાયામોઃ મહાબલઃ** આમ કરવાથી સદા નિરોગી રહેવાશે.

(૬) વ્યસનથી હંમેશા દૂર રહેવું જોઈએ કારણકે વ્યસન આપણને એક દિવસ રોગી તો જરૂર બનાવશે.

(૭) શ્રમનું ગૌરવ કરો. પોતાનું કામ જાતે કરવાનો પ્રયત્ન કરો. આવું કરવાથી બે લાભ થશે, શરીર પણ સારું રહેશે અને બીજા પર નિર્ભર રહેવું નહીં પડે.

(૮) કોઈની નકલ ન કરવી. કેમકે દરેકના શરીરની બનાવટ અલગ અલગ હોય છે. આપ જે કરી શકો છો તે નિષ્ઠાપૂર્વક કરો.

(૯) જેટલું બને તેટલું કામ આજે થઈ શકે તેમ હોય તો કાલ ઉપર છોડવું નહીં. કામનો નિવેડો કરતાં જાવ મન હળવું થઈ જશે.

(૧૦) ડૉક્ટરની દવા પર ૨૦ ટકા અને પરેજી પર ૮૦ ટકા ભરોસો રાખો.

(૧૧) પેટ હંમેશા સાફ રાખવું કેમકે પેટથી જ બધી બીમારીઓ ઉત્પન્ન થાય છે.

(૧૨) કસમયે ખાવું, વાસી ખાવું, વારંવાર ખાવું, મોડી રાત સુધી જાગવું, ઇચ્છાને અનઆવશ્યક વધારવી આ બધું સ્વાસ્થ્ય માટે હાનિકારક છે.

(૧૩) ઋતુ પ્રમાણે ભોજન કરવું જે મોસમ આવે છે તે પરમાત્માનો ક્રમ છે.

(૧૪) ઓછું ખાવાથી નહીં પણ વધુ પડતા ખાવાથી વ્યક્તિ બીમાર પડે છે.

(૧૫) ખાવા માટે જીવો નહીં, જીવવા માટે ખાવ.

(૧૬) કાંઈ પણ વાત કરતાં કે કાર્ય કરતાં સારી રીતે વિચારી લેવું જરૂરી છે.

(૧૭) સમયનો આદર કરશો તો સમય પણ તમારો આદર કરશે. ઓછું બોલો, વધારે સાંભળો.

(૧૮) જીવન સાદગી ભર્યું રાખો, વિચારો ઉચ્ચ રાખો તો સુખી થવાશે.

(૧૯) કર્મ કરો ફળની આશા ન રાખો. વહેતું પાણી અને ચાલતું જીવન સારું હોય છે.

**૨૦) એવું ન કમાઓ કે પાપ થઈ જાય, એવું ન ખર્ચો કે કરજ થઈ જાય, એવું ન ખાઓ કે મર્જ થઈ જાય, એવું ન બોલો કે દ્વેષ થઈ જાય, એવું ન ચાલો કે મોડું થઈ જાય.**

# સમાચાર દર્પણ

## મુલુન્ડ મુંબઈ- શ્રીમદ્‌ભાગવત કથા જ્ઞાનયજ્ઞ સંપન્ન

મુંબઈ મુલુન્ડ મુકામે શ્રી નરેન્દ્રભાઈ ચત્રભૂજ જોબનપુત્રા પરિવાર દ્વારા આયોજિત શ્રી મદ્‌ભાગવત કથાનો શુભારંભ દિનાંક ૧૬ ઑક્ટોબર ૨૦૧૧ ના રોજ શ્રી કૃષ્ણ પ્રણામી ધર્માચાર્ય જગદ્‌ગુરુ આચાર્ય શ્રી ૧૦૮ કૃષ્ણમણિજી મહારાજશ્રીના કરકમલો દ્વારા દીપ પ્રાગટ્ય અને આશીર્વચનથી થયો.

કથાકાર શ્રી ચંદન શાસ્ત્રીજીએ વ્યાસપીઠ પર બિરાજમાન થઈને સંગીતમય શ્રીમદ્‌ભાગવત કથાનું રસપાન કરાવી પોતાની સુમધુર શૈલી અને હલકભર્યા કંઠ દ્વારા સર્વે સુંદરસાથજી તથા ભક્તજનોને કથામાં રસતરબોળ કરી આનંદિત કર્યા હતા. કથામાં આવતાં વિવિધ પ્રસંગો-વામન અવતાર, શ્રીકૃષ્ણ જન્મોત્સવ, નંદોત્સવ, રુક્મિણિ વિવાહ વગેરેની વિશિષ્ટ રીતે ઝાંખી દ્વારા ઉજવણી કરવામાં આવી હતી. આવો અનેરો ધર્મલાભ આપવાનું સંપૂર્ણ શ્રેય જોબનપુત્રા(ઠક્કર) પરિવારને જાય છે.

મુંબઈના સુંદરસાથજીએ અનેરા ઉત્સાહથી કથા શ્રવણ કરી ધર્મલાભ પ્રાપ્ત કર્યો હતો.

કાર્યક્રમ સફળ બનાવવા માટે જોબનપુત્રા પરિવાના સભ્યો સર્વશ્રી શ્રી નરેન્દ્રભાઈ-ગીતાબેન, શ્રી વિજયભાઈ-પૂનમબેન, શ્રી ભાવિનભાઈ-નેહાબેન તથા મુંબઈના સ્વયંસેવકોએ ઘણી જ જહેમત ઉઠાવી હતી. સુંદરસાથ માટે દરરોજ ભોજન-પ્રસાદની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. સૌ કાર્યકર્તાઓ તથા આયોજકોને શ્રી ૫ નવતનપુરી ધામના શુભાશિષ સહ ધન્યવાદ.

---

## શ્રદ્ધાંજલિ

**કચ્છની યાત્રા પ્રવાસની બસમાં ધામગમન પામેલા સાતેય સુંદરસાથજીને શ્રી ૫ નવતનપુરી ધામ હાર્દિક શ્રદ્ધાંજલિ પ્રદાન કરે છે. તેઓના પરિવારજનોને તેમનું વિરહજન્ય દુઃખ સહન કરવાની શક્તિ પ્રદાન કરે એજ અભ્યર્થના.**

# શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ મહોત્સવ- ૨૦૧૧
## શ્રી કૃષ્ણ પ્રણામી મન્દિર, દીવ(તા. ૨ થી ૬ ડિસેમ્બર-૨૦૧૧ )

**સાદર સસ્નેહ જણાવતાં આનંદ થાય છે કે પરમકૃપાળુ પરમાત્મા શ્રી રાજજી શ્રી કૃષ્ણજીની અસીમ કૃપાથી મહામતિ શ્રી પ્રાણનાથજી દ્વારા વિ.સં. ૧૭૨૨(ઈ.સ. ૧૬૬૬)માં સર્વપ્રથમ સ્થાપિત શ્રી કૃષ્ણ પ્રણામી મંદિર, દીવ મુકામે તા.૨-૧૨-૨૦૧૧ શુક્રવારથી તા. ૬-૧૨-૨૦૧૧ મંગળવાર સુધી શ્રી તારતમ સાગરના ૨૫ પંચદિવસીય પારાયણનું આયોજન કરવામાં આવ્યું છે.**

**આ પાવન અને પુનિત પ્રસંગે શ્રી કૃષ્ણ પ્રણામી ધર્માચાર્ય જગદ્‌ગુરુ આચાર્ય શ્રી ૧૦૮ કૃષ્ણમણિજી મહારાજ શ્રી ૫ નવતનપુરી ધામથી પધારી આશીર્વચન આપશે તેમજ વિભિન્ન સ્થાનોમાંથી સંત, ગુરુજન, વિદ્વાન તથા સંગીતકારો પધારી સત્સંગ, પ્રવચન, ભજન-કીર્તનનો લાભ પ્રદાન કરશે. પારાયણ તથા આરતીના દર્શન તેમજ ગુરુજનોના આશીર્વાદ મેળવી કૃતાર્થતાનો અનુભવ કરવા માટે સપરિવાર આપની ઉપસ્થિતિ સાદર પ્રાર્થનીય છે.**

| **વિવિધ સેવાઓ** | **રસોઈની સેવા** |
|---|---|
| **એક પારાયણની સેવા રૂા. ૨૫૦૦/** | **બપોરે રૂા. ૧૦,૦૦૦/** |
| **ભોગ(એક દિવસ) રૂા. ૫૦૦/** | **સાયં રૂા. ૫૧૦૦/** |
| **ધૂપ અગરબત્તી રૂા. ૫૦૦/** | **પૂર્ણાહુતિના રોજ રૂા. ૧૫૦૦૦/** |
| **ચા નાસ્તાની સેવા(એક દિવસ) રૂા. ૫૧૦૦/** | |

**આ ઉપરાંત તેલ, ઘી, ખાંડ, ચોખા, ઘઉં, મસાલા વગેરેની સેવા આપી શકો છો.**

## વિશેષ આકર્ષણ

૧) માગશર સુદ નોમ(૪-૧૨-૨૦૧૧) નિજાનંદાચાર્ય શ્રી દેવચન્દ્રજી તથા મહામતિ શ્રી પ્રાણનાથજીનો મિલાપ. ૨) માગશર સુદ અગ્યારસ(૬-૧૨-૨૦૧૧) મહામતિ શ્રી પ્રાણનાથજી મહારાજનું દીવ આગમન દિવસ. ૩) ૫-૧૨-૨૦૧૧ શ્રી ૧૦૮ રાજભોગ તથા સાંજે ૪ વાગ્યે શ્રી કૃષ્ણ પ્રણામી ધર્માચાર્ય જગદ્‌ગુરુ આચાર્ય શ્રી ૧૦૮ કૃષ્ણમણિજી મહારાજશ્રી પધારશે તેમજ બસસ્ટેન્ડથી સ્વાગત અને શોભાયાત્રા ૧૦૮ કલશ સાથે આરંભ થશે.

શ્રી

# સુંદરસાથ પરિવાર

પારિવારિક સમ્બન્ધથી પણ ધર્મનો સમ્બન્ધ ઘણો મોટા હોય છે. સુંદરસાથ પરિવાર પોતાને પરમધામથી સમ્બન્ધિત માને છે અને પોતાના જીવનમાં એને ઉતારવાનો પ્રયત્ન કરે છે. આ વખતે ફાજિલાકા તથા મુક્તસર(પંજાબ)ના સુંદરસાથે એને ચરિતાર્થ કરી દેખાડ્યો. ઘટના આ પ્રમાણે હતી, કચ્છ-ભૂજથી બે બસ દ્વારા સુંદરસાથ ચંદીગઢના કાર્યક્રમમાં સામેલ થવા જઈ રહ્યા હતા. તારીખ ૬-૧૧-૨૦૧૧ ના રોજ પ્રાતઃ ૫.૩૦ વાગે એક બસ દુર્ઘટના ગ્રસ્ત થઈ જેમાં સાત વ્યક્તિઓના સ્થળ પર જ ધામગમન થયા. બાકી ૨૮ વ્યક્તિ ઘાયલ થયા. એમાં પણ ૧૨ વધારે ઘાયલ વ્યક્તિઓને ફટીદકોટ મેડિકલ કોલેજ હોસ્પિટલમાં ભરતી કરવામાં આવ્યા. બાકીના ઘાયલોની ફાજિલકા તથા મુક્તસરમાં સારવાર કરવામાં આવી. બે ઘાયલોને એર એમ્બૂલન્સ દ્વારા અમદાવાદ મોકલવામાં આવ્યા. બાકીના બધાને મુક્તસર સ્થળાંતરિત કરી ઉપચાર કરવામાં આવ્યો.

આ ઘટના સમય ફાજિલકા તથા મુક્તસરના સુંદરસાથે એટલી સારી સેવા કરી કે જેનું વર્ણન થઈ શકે નહીં. એમની સેવાને જોઈ ઘાયલ સુંદરસાથની આંખો પણ આંસુઓથી છલકાઈ ગઈ. પોતાની શારીરિક પીડાથી નહીં પણ સુંદરસાથની સેવા ભાવના જોઈ તેમની આંખમાંથી આંસુઓની ધારા વહેતી રહી અને કહેવા લાગ્યા કે આટલી સેવા તો અમારા પરિવારના લોકો પણ કરી શક્યા ન હોત.

સુંદરસાથ પરમધામ પરિવાર છે. આવી પવિત્ર ભાવનાવાળા સુંદરસાથ જ આવી સેવા કરી શકે છે. તેઓના માટે ધન્યવાદ, સાધુવાદ જેવા શબ્દો પણ ઓછા પડે. શ્રી રાજજી તેઓને પોતાની આંતરિક કૃપા તથા પ્રેમ પ્રદાન કરે એજ પ્રાર્થના કરીએ. આ સુંદરસાથમાં શ્રી ફાજિલકાના શ્રી કમલ ધુડિયા, શ્રી શગનલાલ સેતિયા, વિમલ સેતિયા તથા મુક્ત સરના શ્રી અનિલ પરનામી, વિટ્ટુ પરનામી વગેરે મુખ્ય હતા. આવા તો અનેક નામી અનામી સુંદરસાથ છે જેઓએ ઘણી મોટી સેવા કરી છે પરંતુ જેની સાથે નિરંતર વાત થતી રહેતી હતી તેમના જ નામ યાદ રહેવાથી અહીં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આથી અન્ય એવું ન સમજે કે અમે સેવા કરી નથી. સાચા સુંદરસાથની સાચી ભાવના જોઈને હર કોઈનું હૃદય ગદ્ગદિત થઈ જાય છે.

# પૃથ્વી પરિક્રમા

કારતક માસની પૂર્ણિમા પૃથ્વી પરિક્રમા માટે પ્રસિદ્ધ છે. શ્રી ૫ નવતનપુરી ધામની સ્થાપના આ જ દિવસે થઈ હતી. ૧૨૦૦૦ પારાયણનો સ્મૃતિ દિન તે જ દિવસે માનવામાં આવે છે. આ વખતે આ પવિત્ર દિવસ ૧૦-૧૧-૨૦૧૧ ને ગુરુવારના રોજ હતો. તે દિવસે પ્રાતઃકાલીન પૂજા પછી ૬.૩૦ વાગે પૂજ્ય આચાર્ય મહારાજશ્રી તથા સંતજનો સહિત સેંકડો સુંદરસાથે શ્રી ૫ નવતનપુરી ધામથી મૂલમિલાવા સુધી પદયાત્રા કરી. મૂલમિલાવામાં શ્રી મહેરસાગરના ૧૨૦૦ પાઠ તથા પૂજ્યપાદ આચાર્ય મહારાજશ્રીના આશીર્વચન થયા. ત્યાર બાદ અલ્પાહાર લઈ બધા પાછા ફર્યા. આ રીતે શ્રી ૫ નવતનપુરી ધામથી મૂલમિલાવા થઈ શ્રી ૫ નવતનપુરી ધામની પદયાત્રા દ્વારા પૃથ્વી પરિક્રમા કરવામાં આવી.

આ અવસરે ચિખોદરા(આણંદ) થી ૩૬૦ કિલોમીટરની પગપાળા યાત્રા કરી આવેલા યાત્રાળુઓએ વિશેષ શોભા વધારી. પૂજ્યપાદ આચાર્ય મહારારજશ્રીએ બધાને આશીર્વાદ પ્રદાન કર્યા.

---

# ધર્મગુરુજીનું ધામગમન

ધર્મગુરુ પં. શ્રી ચેતનદત્તજી શર્મા(શ્રી ૫ પદ્માવતીપુરી ધામ, પન્ના) નું ધામગમન તારીખ ૧૩-૧૦-૨૦૧૧ ના રોજ થયું છે. તેઓ શતાયુ થઈ ગયા હતા. તેમનું જીવન બાલ્ય અવસ્થાથી જ ધર્મ પ્રત્યે સમર્પિત હતું. શ્રી પદ્માવતીપુરી ધામના તેઓ અદ્વિતીય વિદ્વાન હતા. આજે એમના જવાથી એક નિષ્ઠાવાન વિદ્વાનની કમીનો અનુભવ થઈ રહ્યો છે. વિધિના વિધાનને ટાળી શકાતું નથી. શ્રી રાજજીને પ્રાર્થના કરીએ કે સમાજના હિત માટે યોગ્ય વિદ્વાનોને મોકલતા રહે.

તા. ૧૪-૧૦-૨૦૧૧ ના રોજ શ્રી ૫ નવનપુરી ધામમાં તથા તા.

૧૫-૧૦-૨૦૧૧ ના રોજ શ્રી કૃષ્ણ પ્રણામી મંદિર, મુંબઈમાં તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી. તા. ૨૪-૧૦-૨૦૧૧ ના રોજ શ્રી ૫ પદ્માવતીપુરી ધામ, પન્નામાં શ્રદ્ધાંજલિ સભાનું આયોજન કરી તેઓશ્રીને શ્રદ્ધાંજલિ પ્રદાન કરવામાં આવી.

# શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ પત્રિકાની સાહિત્ય સેવા

**જામનગર :** ધર્મજ્ઞા શ્રીમતી હંસાબેન પોપટભાઈ વસોયા તરફથી પુત્ર પ્રથમના જન્મની ખુશાલી પ્રસંગે શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ પત્રિકાની સાહિત્ય સેવામાં રૂા. ૨૫૦૦/ ભેટ મળી છે. નવજાત શિશુને શ્રી રાજશ્યામાજી સદાય સુખી રાખી નિરામય દીર્ઘાયુષ્ય પ્રદાન કરે એવા શુભાશિષ સહ અભિનંદન.

**અમૃતપુર :** પરમધામવાસી મોહનભાઈ ડાયાભાઈ તથા પાતળીબા મોહનભાઈ ગોંડલિયાની પાવન સ્મૃતિમાં બે પાકી રસોઈ આપી તથા ગૌશાળામાં રૂા. ૧૧૧૧/ તેમજ સાહિત્ય સેવામાં રૂા. ૧૧૧૧/ ભેટ મળ્યા છે. હ. શ્રી પરબતભાઈ મોહનભાઈ, કમલેશભાઈ પરબતભાઈ, વિમલભાઈ પરબતભાઈ ગોંડલિયા-અમરેલી. સમગ્ર પરિવારજનો પર સદાય શ્રીજીની મહેર રહે એવા શુભાષિશ.

**ભૂજ(કચ્છ) :** ધર્મજ્ઞશ્રી ગોવિંદભાઈ જે. પટેલ તરફથી સાહિત્ય સેવામાં રૂા. ૧૧૦૦/ શુભેચ્છા ભેટ મળી છે. આપના સમગ્ર પરિવાર પર શ્રી રાજશ્યામાજીની કૃપા સદૈવ બની રહે એવા શુભાશિષ.

## રૂા. ૫૦૦/

**સિનોગ્રા(કચ્છ) :** ધામવાસી પ્રેમજીભાઈ ચૌહાણની પાવન સ્મૃતિમાં ગોટાપારાયણ રાખી અને પાકી રસોઈ આપી તે પ્રસંગે સાહિત્ય સેવામાં ભેટ મળી છે. હ. ઉમેશભાઈ, સૌભાગ્યલાલ તથા સમગ્ર ચૌહાણ પરિવાર.

**અંજાર(કચ્છ) :** ધર્મજ્ઞ શ્રી નરસીભાઈ લક્ષ્મીદાસ ટાંક તરફથી સાહિત્ય સેવામાં શુભેચ્છા ભેટ મળી છે.

**હર્ષદપુર :** ધામવાસી ચોથીબેન ધરમશીભાઈ ચોવટિયાના આત્મ કલ્યાણાર્થે પૂજ્ય આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ લઈ તેમના નિવાસ સ્થાને સત્સંગનું આયોજન તેમના સુપુત્રો માધવજીભાઈ, કરસનભાઈ અને દામજીભાઈ તરફથી કરવામાં આવ્યું હતું. આ નિમિત્તે સાહિત્ય સેવામાં ભેટ મળી છે.

**સુરત :** ધર્મજ્ઞશ્રી દોલતસિંહ ધીરાબાવા ચૌહાણનું ઓપરેશન શ્રી રાજશ્યામાજીની દયાથી સફળતાપૂર્વક થયાની ખુશી પ્રસંગે ભેટ.

**સુરત :** ધર્મજ્ઞાશ્રી હસુબેન દોલતસિંહ ચૌહાણનું પગનું ઓપરેશન શ્રી રાજશ્યામાજીની કૃપાથી સફળતાપૂર્વક થયાની ખુશી પ્રસંગે ભેટ.

**સુરત :** ધર્મજ્ઞશ્રી સંજયભાઈ દોલતસિંહ ચૌહાણ તરફથી તેઓએ નવી ગાડી વસાવ્યાની ખુશાલી પ્રસંગે ભેટ મળી છે. નવી કાર આપને લાભપ્રદ નિવડે એવી શુભકામના સહ અભિનંદન.

**હરિપર :** ધર્મજ્ઞશ્રી વલ્લભભાઈ કરસનભાઈ વાટલિયા શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે આવ્યા તે પ્રસંગની ખુશાલી અર્થે ભેટ મળી છે.

**અમૃતપુર :** પરમધામવાસી મોહનભાઈ

ડાયાભાઈ તથા પાતળીબા મોહનભાઈ ગોંડલિયાની પાવન સ્મૃતિમાં બે પાકી રસોઈ અને ગૌશાળામાં રૂા.૧૧૧૧/ સાહિત્ય સેવામાં રૂા. ૧૧૧૧/ ભેટ મળી છે. હસ્તે ગોવિંદભાઈ, મોહનભાઈ, કિરણભાઈ ગોવિંદભાઈ, કીર્તિભાઈ ગોવિંદભાઈ તથા શૈલેષભાઈ ગોવિંદભાઈ ગોંડલિયા(નિજાનંદ પેલેસ-સુરત)

**મુંબઈ :** ધર્મજ્ઞશ્રી હિમાંશુ વી. પટેલે એ-૩૨૦ પાયલોટ ટ્રેનીંગ પૂર્ણ કરી શ્રી ૫ નવતનપુરી ધામના દર્શન અને આશીર્વાદ માટે આવ્યા તે પ્રસંગે ભેટ મળી છે. આપશ્રીને ખૂબ ખૂબ અભિનંદન. આપની ભાવિ કારકિર્દી સદાય ઉજ્જવળ રહે એવી શુભકામના.

**હિપાવડલી :** હાલ સુરત નિવાસી શ્રી વિઠ્ઠલભાઈ છગનભાઈ કપોપરાના સુપુત્ર પીયૂષના ચિ. શ્લોકની પાકી રસોઈની માનતા પૂર્ણ કરવા સપરિવાર શ્રી ૫ નવતનપુરી ધામના દર્શન કરવા આવ્યાની ખુશી પ્રસંગે ભેટ.

**હિપાવડલી :** હાલ સુરત નિવાસી શ્રી વિઠ્ઠલભાઈ છગનભાઈ કપોપરાની સુપુત્રી નિતાબેન વિપુલકુમાર સાવલિયાની ચિ. ધાર્મિની પાકી રસોઈની માનતા પૂર્ણ કરવા શ્રી ૫ નવતનપુરી ધામ આવ્યાની ખુશી પ્રસંગે ભેટ.

**હિપાવડલી :** હાલ સુરત નિવાસી મનસુખભાઈ ઠાકરશીભાઈ કપોપરાના સુપુત્ર ચિ. મયૂરના શુભલગ્ન ચિ. અર્ચના સાથે તા. ૧૮-૧૧-૧૧ ના રોજ નિર્ધારિલ છે. તેની ખુશાલી પ્રસંગે ભેટ. નવદંપતિ પર સદાય શ્રીજીની મહેર રહે એવા શુભાશિષ.

**સાંગણવા :** ધર્મજ્ઞશ્રી સતીષકુમાર છગનભાઈ પટોરિયા સાંગણવાથી શ્રી ૫ નવતનપુરી ધામ જામનગર સુધી પદયાત્રા કરી દર્શનાર્થે આવ્યાની ખુશી પ્રસંગે ભેટ. ધન્યવાદ

**સુરત :** ધર્મજ્ઞશ્રી દુર્લભભાઈ વાલાભાઈ ગોંડલિયા સપરિવાર શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે આવી પાકી રસોઈ આપ્યાની ખુશી પ્રસંગે ભેટ.

## રૂા. ૨૫૧/

**દુર્ગ(છત્તીસગઢ) :** શ્રી કાંતિલાલ પ્રેમજીભાઈ ચૌહાણ શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે આવ્યાની ખુશી પ્રસંગે ભેટ.

**અમેરિકા :** શ્રી વિનયકુમાર કાપડિયાએ બેચલર ઓફ નર્સિંગની પરીક્ષા પાસ કર્યાની ખુશી પ્રસંગે ભેટ. અભિનંદન.

**ધોરાજી :** શ્રી વિરલ કિશોરભાઈ શાણી તરફથી પત્રિકાની સાહિત્ય સેવામાં શુભેચ્છા ભેટ.

**ધોરાજી :** શ્રી કિશોરભાઈ ગોરધનભાઈ શાણી તરફથી પત્રિકાની સાહિત્ય સેવામાં શુભેચ્છા ભેટ મળેલ છે.

**અમૃતપુર :** શ્રી પીયૂષભાઈ ચંદુભાઈ, જયદીપભાઈ ચંદુભાઈ, પાયલ ચંદુભાઈ તથા ભાનુબેન ચંદુભાઈ ગોંડલિયા સપરિવાર શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે આવ્યાની ખુશી પ્રસંગે ભેટ.

**અમદાવાદ(તાવેડાવાળા) :** શ્રી નિજાનંદ હાર્ડવેર પરિવાર શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે આવ્યાં તેની ખુશી પ્રસંગે ભેટ.

**તાવેડા :** સુશ્રી રૂપલબેન ધોરણ ૧૦ ની પરીક્ષામાં ૮૦ ટકા ગુણ મેળવી પાસ કર્યાની ખુશી પ્રસંગે ભેટ. અભિનંદન.

**દેવપર(કચ્છ):** શ્રી ભરતભાઈ કાંતિભાઈ પટેલ નવા વર્ષે શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે આવી ગાયોના ઘાસચારા માટે રૂા. ૨૫૦૦/ તથા અન્ય ભેટ કરી તેની ખુશી પ્રસંગે ભેટ.

## રૂા. ૨૦૧/

**સિનોગ્રા(કચ્છ) :** શ્રીમતી પ્રેમીલાબેન પોપટલાલ ટાંક તરફથી પત્રિકાની સેવામાં શુભેચ્છા ભેટ.

**સિનોગ્રા(કચ્છ):** શ્રી હરીશભાઈ વનરાજભાઈ ટાંક તરફથી પત્રિકાની સેવામાં શુભેચ્છા ભેટ.

**સિનોગ્રા(કચ્છ):** શ્રી નારણભાઈ નરશીભાઈ ટાંક તરફથી પત્રિકાની સેવામાં શુભેચ્છા ભેટ.

**સિનોગ્રા(કચ્છ):** શ્રી નિલેશભાઈ મોહનભાઈ ચૌહાણ તરફથી પત્રિકાની સેવામાં શુભેચ્છા ભેટ.

**સુંદરપુરા :** શ્રી કનુભાઈ ડાયાભાઈ પટેલ શ્રી ૫ નવતનપુરી ધામના દર્શન કરવા માટે આવ્યાની ખુશી પ્રસંગે ભેટ.

**અમૃતપુર :** શ્રી કલ્પેશભાઈ વિનુભાઈ ગોંડલિયાએ ખેતરમાં બોર કરાવતાં શ્રી રાજજીની કૃપાથી ખૂબ જ પાણી આવ્યાની ખુશી પ્રસંગે ભેટ.

**અમૃતપુર :** શ્રી વિજયભાઈ કાંતિભાઈ તથા વિજયભાઈ મોહનભાઈ ગોંડલિયાએ ધામવાસી મોહનબાપા તથા પાતળીબાની પાવન સ્મૃતિમાં નવતનપુરી ધામમાં બે ટાઇમ રસોઈ આપી તેની ખુશી પ્રસંગે ભેટ.

**દેવપર(કચ્છ) :** હોમ લાઈફ લેમીનેશન ડોરવાળા તરફથી નૂતનવર્ષે શ્રી ૫ નવતનપુરી ધામના દર્શન કર્યાની ખુશી પ્રસંગે ભેટ.

**ઉજળા :** શ્રી મોહનભાઈ ભાદાભાઈ તાડા જામનગર દર્શનાર્થે આવ્યા તથા સુપુત્રી જેનીએ કંઠી બંધાવી તારતમ મંત્ર ગ્રહણ કર્યો તે પ્રસંગની ખુશાલી અર્થે ભેટ.

## રૂા. ૧૫૧/

**હર્ષદપુર :** શ્રી મૌલિક રમેશભાઈ પાઘડારના તારીખ ૮-૯-૨૦૧૧ ના રોજ જન્મદિવસની ખુશાલી પ્રસંગે ભેટ. અભિનંદન.

**ધુળશિયા :** શ્રી લલિતભાઈ ભીખુભાઈ વાગડિયાએ નવું ટ્રેક્ટર ખરીદ કર્યાની ખુશાલી પ્રસંગે ભેટ. નવું ટ્રેક્ટર આપશ્રીને લાભપ્રદ નિવડે એવી શુભેચ્છા.

**હર્ષદપુર :** ધામવાસી ચોથીબેન ધરમશીભાઈ ચોવટિયાની પુણ્યસ્મૃતિમાં આયોજિત કાર્યક્રમમાં પૂજ્ય આચાર્યશ્રીના સત્સંગ પ્રવચનો લાભ અને આશીર્વચન પ્રાપ્ત થયા તે પ્રસંગે ત્રણ દીકરાઓ તરફથી સાહિત્ય સેવામાં ભેટ છે.

**જુનાગઢ :** ડૉ. દમયંતીબેન વી. વ્યાસનો સંકલ્પ શ્રીજીની મહેરથી પૂર્ણ થતાં શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે આવી પાકી રસોઈ આપી તેની ખુશીમાં ભેટ મળી છે.

**ખેડા :** શ્રીમતી લક્ષ્મીબેન એમ. વાઘેલા તરફથી માનતા પૂર્ણ થઈ અને શ્રી રાજજીની કૃપાથી હાથમાં સારું થયાની ખુશી પ્રસંગે ભેટ.

**જામ ખંભાળિયા :** શ્રી રામજીભાઈ હરજીભાઈ પુરોહિતની પ્રથમ પુણ્યતિથિ પ્રસંગે યોજોલ સત્સંગ-કીર્તનમાં ગૌશાળામાં રૂા. ૬૦૦૦/ ની ઘાસચારાની સેવા મળી તે પ્રસંગે ભેટ. હ. લખમણભાઈ પુરોહિત-પોરબંદર.

**દાવલી :** શ્રી મનોજભાઈ વિઠ્ઠલભાઈ પાનસુરિયા તરફથી તા. ૨૩-૧૦-૧૧ ના રોજ પુત્ર જન્મની ખુશાલી પ્રસંગે ભેટ. અભિનંદન.

**રાજકોટ :** સરોજબેન દેવરામભાઈ ગોહિલની પુણ્યતિથિ નિમિત્તે તેમના સુપુત્ર ગિરીશભાઈ તરફથી ભેટ મળી છે.

**રાજકોટ :** દેવરામ કુંવરજીભાઈ ગોહિલની પુણ્યતિથિ નિમિત્તો તેમના સુપુત્ર ગિરીશભાઈ તરફથી ભેટ.

**ચાડિયા(અમરેલી) :** શ્રી તેજસકુમાર ચતુરભાઈ મકાણી શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે આવ્યાની ખુશી પ્રસંગે ભેટ.

**ચાડિયા(અમરેલી) :** શ્રી ચંદુભાઈ ભીખુભાઈ મકાણી શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે આવ્યાની ખુશી પ્રસંગે ભેટ.

**અમદાવાદ :** શ્રી ભરતભાઈ પ્રાગજીભાઈ ભંડેરી સપરિવાર નૂતનવર્ષે શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે આવ્યાની ખુશી પ્રસંગે ભેટ.

: શ્રી શિવજીભાઈ, શ્રી ગોકળભાઈ તથા કનુભાઈ ગોંડલિયા શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે આવ્યાની ખુશી પ્રસંગે ભેટ.

**મોડાસા :** ડૉ. પ્રવીણકુમાર કાપડિયાના સુપુત્ર ચિ. અભિજીતના શુભલગ્ન તા. ૨૦-૨-૧૧ ના રોજ સારી રીતે સંપન્ન થયાની ખુશાલીમાં ભેટ. નવદંપતિ પર સદાય શ્રીજીની મહેર રહે એવી શુભકામના.

# રૂા. ૧૦૧/

૧)શ્રી ધ્યેયકુમાર કેતનભાઈ રોલા-**જામનગર.** ૨)શ્રી કલ્પેશભાઈ ભોગીલાલ વાઢેર-**સિનોગ્રા(કચ્છ).** ૩)શ્રી અમરસંગ ખેંગારજી-**જોડિયા.** ૪)શ્રી લક્ષ્મણભાઈ ફૂલાભાઈ ઝાલા-**મહુધા.** ૫)શ્રીમતી ઊર્મિલાબેન ડાયાભાઈ પટેલ-**હિંમતનગર.** ૬)શ્રી જગદીશચંદ્ર મોહનલાલ ભાવસાર-**ગણદેવી.** ૭)શ્રી રાજ પ્રીતેષ ભાવસાર-**અમદાવાદ.** ૮)શ્રી છગનભાઈ બચુભાઈ અકબરી-**રાજકોટ.** ૯)શ્રી મધુભાઈ ઠાકરશીભાઈ કપોપરા-**હીપાવડલી.** ૧૦)શ્રી મનુબેન હીરાભાઈ ત્રિવેદી-**ભાવનગર.** ૧૧)શ્રી વિવાન ચિરાગ ભાવસાર-**વાપી.** ૧૨)શ્રી વ્રજ ગૌરવ ભાવસાર-**વાપી.**

***ઉપરોક્ત સર્વે સુંદરસાથજીના ઉપર શ્રી રાજશ્યામાજીની સદા મહેર રહે અને તેઓની સર્વાંગી પ્રગતિ સાથે ધાર્મિક ભાવનામાં અભિવૃદ્ધિ થતી રહે એવા શ્રી ૫ નવતનપુરી ધામના શુભાશિષ***

# ગૌશાળાની સેવા

**એક ગાયની સેવા રૂા. ૧૧૦૦૦/ આપનાર સુંદરસાથજી**

શ્રી મનીષભાઈ પરસોતમભાઈ-**રાજકોટ**

શ્રી જમનાદાસભાઈ પરસોતમદાસ ઠક્કર (ભદ્રેશ્વરવાળા)-**મુંબઈ**

શ્રી જૂઠાભાઈ પાંચાભાઈ અમરેલિયા-**જામનગર**

શ્રીમતી મમતાબેન વિનયભાઈ કાપડિયા-**યુ.એસ.એ.**

શ્રીમતી કંચનબેન અરવિંદભાઈ કાપડિયા(વલસાડ)- **યુ.એસ. એ.**

ગં. સ્વ. નંદુબેન ભગવાનજીભાઈ પટોરિયા-**રાજકોટ**

**લીલો સૂકો ઘાસચારો, કપાસિયા, ભૂસો, ખોળ અને લાડુની સેવા આપનાર સુંદરસાથજી**

રૂા.૬૦૦૦/ ધામવાસી રામજીભાઈ હરજીભાઈ પુરોહિત-**જામ ખંભાળિયા**

રૂા.૫૦૦૦/ શ્રી કાંતિલાલ કરમશીભાઈ પટેલ-**નવસારી**

રૂા.૨૫૦૦/ધામવાસી પોપટલાલ નારણભાઈ ટાંક-**સિનુગ્રા(કચ્છ)**

રૂા.૨૫૦૦/ ધામવાસી જમનાબેન અરજણભાઈ ઠેસિયા-**કાલાવડ**

રૂા.૨૫૦૦/શ્રી નવીનભાઈ ભગવાનભાઈ વસોયા-**અમદાવાદ**

રૂા.૨૫૦૦/ શ્રી ભરતભાઈ પુંજાભાઈ પટેલ-**સાબરકાંઠા**

રૂા.૨૫૦૦/ શ્રી ભરતભાઈ પટેલ તથા શ્રી મનસુખભાઈ પટેલ-**દેવપર(કચ્છ)**

***ઉપરોક્ત સર્વે સુંદરસાથજીને ધન્યવાદ. આપ સર્વે પર શ્રી રાજશ્યામાજીની સદા મહેર રહે અને આપની ધાર્મિક ભાવનામાં અભિવૃદ્ધિ થતી રહે એવા શ્રી ૫ નવતનપુરી ધામના શુભાશિષ તેમજ આચાર્ય શ્રી ૧૦૮ કૃષ્ણમણિજી મહારાજ તરફથી હાર્દિક શુભકામના.***

---

# ધામગમન

**ચિખોદરા :** આપણા ખુબજ જાણીતા ભજનિક શ્રી વલ્લભભાઈ બેચરભાઈ પટેલ(વલ્લભ સખી)નું ધામગમન તા. ૨૧-૧૦-૨૦૧૧ ને શુક્રવારના રોજ થયેલ છે. તેમના આત્મકલ્યાણાર્થે સાહિત્ય સેવામાં રૂા. ૨૫૧/ ભેટ મળી છે.

**હર્ષદપુર :** ઓતીબેન અરજનભાઈ વસોયાનું તા. ૩૦-૭-૧૧ ના રોજ ધામગમન થયેલ છે. તે નિમિત્તે ગોટા પારાયણ રાખી પૂજ્ય આચાર્ય મહારાજશ્રીના સત્સંગનો લાભ લીધો તે પ્રસંગે રૂા. ૨૦૦/ ભેટ મળી છે.

**દાડમા(અમરેલી) :** સાગરભાઈ ગોરધનભાઈ ધનાણીના પિતાશ્રી ગોરધનભાઈ નનુભાઈનું ધામગમન થયેલ છે. તેમના આત્મ કલ્યાણાર્થે અખંડ પારાયણ કરાવી સાહિત્ય સેવામાં રૂા. ૧૫૧/ ભેટ મળી છે.

**પોરબંદર :** ધર્મજ્ઞ ગોપાલજી હરજીભાઈ પુરોહિતનું તા. ૬-૯-૧૧ ના રોજ ધામગમન થયું છે. તેમના આત્મ કલ્યાણાર્થે ગૌશાળામાં રૂા. ૨૦૦૦/ તથા સાહિત્ય સેવામાં તેમના ધર્મપત્ની મોતીબેન તરફથી રૂા. ૫૦૧/ ભેટ મળી છે.

**નડિયાદ :** ધર્મપરાયણ કેસરબા લાલજીભાઈ વૈદ્ય(ઉ. વર્ષ ૧૦૧) તા. ૨૬-૯-૧૧ ના રોજ પરમધામવાસી થયાં છે. તેમને મુખવાણીને ઘણી ચોપાઈઓ કંઠસ્થ હતી. તેમના આત્મ કલ્યાણાર્થે સાપ્તાહિક પારાયણ કરી સાહિત્ય સેવામાં રૂા. ૧૫૧/ ભેટ મોકલી છે. હ. શ્રી મહેન્દ્રભાઈ તથા પ્રવીણભાઈ વૈદ્ય.

**પિલુંદ્રા(સાબરકાંઠા) :** પુંજાભાઈ મૂલચંદદાસ પટેલનું તા. ૧૪.૧૦.૨૦૧૧ ના રોજ ધામગમન થયેલ છે. તે નિમિત્તે મંદિરમાં ભોગ, આરતી, માનવ સેવા પ્રકલ્પ, ગૌશાળાની સેવા, સાપ્તાહિક પારાયણ, ગોટા પારાયણ, સાદી રસોઈ, અખંડ દીપકની સેવા, ધૂપ અગરબત્તીની સેવા આમ અનેક સેવામાં ભેટ કરી છે. પત્રિકાની સેવામાં રૂા. ૫૦૧/ મળ્યા છે. હસ્તે. પ્રવીણભાઈ ભરતભાઈ તથા સમગ્ર પરિવારજનો.

***ઉપરોક્ત ગતાત્માને શ્રી રાજજી પોતાના નિજચરણોમાં સ્થાન આપી શાશ્વત મુક્તિ પ્રદાન કરે તથા તેમના પરિવારજનોને તેઓનું વિરહજન્ય દુઃખ સહન કરવાની શક્તિ અર્પે એજ અભ્યર્થના.***

---

# શ્રી ૫ નવતનપુરી ધામ - જામનગરની વિવિધ સેવાઓ

| | | |
|---|---|---|
| ૫૦૦૧/- | દવાખાનાની સેવા | (માસિક) |
| ૨૫૦૧/- | ગૌશાળાની સેવા | (દૈનિક) |
| ૧૭૦૧/- | સાદી રસોઈની સેવા | (દૈનિક) ઉત્સવ સિવાય |
| ૧૧૦૦/- | ગોટા પારાયણની સેવા | (દૈનિક) |
| ૭૫૧/- | પારાયણની સેવા | (સાપ્તાહિક) |
| ૫૦૧/- | અખંડ દીપકની સેવા | (માસિક) |
| ૫૦૧/- | રાજભોગ(થાળભોગ)ની સેવા | (દૈનિક) |
| ૨૫૧/- | ધૂપ અગરબતીની સેવા | (માસિક) |
| ૨૦૧/- | પાંચ આરતી માટે ઘીની સેવા | (માસિક) |
| ૨૦૧/- | બાલભોગની સેવા | (દૈનિક) |

# ઑક્ટોબર મહિનાની પાકી રસોઈની સેવા

૦૧) ધા.વા. યશકુમાર મુકેશભાઈ મારકણા — હરિપર
૦૨) ધા.વા. સૌભાગ્યલાલ પ્રેમજીભાઈ ચૌહાણ — સિનોગ્રા(કચ્છ)
હ. કેશુભાઈ ઉમેશભાઈ
૦૩) શ્રી હસુભાઈ દેવજીભાઈ દુધાગરા (મજોઠવાળા) — રાજકોટ
૦૪) શ્રી હરિશંકર શ્રેષ્ઠ — કાઠમાડૌં(નેપાલ)
૦૫) ધા.વા. ધનજીભાઈ વીરજીભાઈ સંઘાણી — જામનગર
૦૬) શ્રી જગદીશભાઈ કાંતીલાલ પીઠડિયા — જામનગર
૦૭) શ્રીમતી દમયંતીબેન વાલજીભાઈ વ્યાસ — જૂનાગઢ
૦૮) શ્રી ગોરધનભાઈ સવજીભાઈ અજુડિયા — હરિપર
૦૯) ચિ. આંચલ નીરજભાઈ પટેલ હ. કુંદનબેન — નિકોડા
૧૦) શ્રી હસમુખભાન મૂળજીભાઈ ભંડેરી — મજોઠ
૧૧) ધા.વા. મોહનભાઈ ડાયાભાઈ ગોંડલિયા — અમૃતપુર
હસ્તે. પરબતભાઈ તથા ગોવિંદભાઈ કાંતિભાઈ તથા સનતભાઈ ગોંડલિયા
૧૨) ધા.વા. પાતળીબા મોહનભાઈ ગોવિંદભાઈ ગોંડલીયા — અમૃતપુર
હસ્તે : પરબતભાઈ, ગોવિંદભાઈ, કાંતિલાલભાઈ સનતભાઈ ગોંડલીયા
૧૩) શ્રીમતી કેશીબેન ખુશાલભાઈ વજાભાઈ પંડયા — ખેડબ્રહ્મા
૧૪) શ્રીમતી કોકિલાબેન જી. ભાવસાર — પાલડી
૧૫) શ્રી પ્રાણનાથ જ્ઞાન કેન્દ્ર બોરીવલી સુંદરસાથ — (બોરીવલી)મુંબઈ
૧૬) શ્રી વિઠ્ઠલભાઈ છગનભાઈ કપોપરા — હપાવડલી(સુરત)
૧૭) શ્રી હિતેશભાઈ વિનુભાઈ મકાણી — ચાડિયા
૧૮) શ્રી દીપકભાઈ સાડીવાળા — ખંભાત
૧૯) શ્રીમતી નેહલબેન અમિતકુમાર પટેલ — મદાવાદ(નરોડા)
હસ્તે : અરવિંદભાઈ શંભુભાઈ ભંડેરી
૨૦) શ્રી દુર્લભભાઈ વાલાજીભાઈ ગોંડલિયા — સુરત
૨૧) શ્રી માધાભાઈ ભુરાભાઈ કારસરીયા — ખેંગારપુર
હસ્તે : દામજીભાઈ માધાભાઈ કારસરીયા
૨૨) શ્રીમતી રીટાબેન અનિલકુમાર ભાવસાર — ધોલીકૂવા(નવસારી)
૨૩) શ્રી મનસુખભાઈ ભોજાભાઈ અટાળા — હર્ષદપુર



मुम्बईमें श्री नरेन्द्रभाई चत्रभूज जोबनपुत्रा, गीताबेन नरेन्द्रभाई जोबनपुत्रा परिवार द्वारा आयोजित श्रीमद्भागवत कथा, आशीर्वचन प्रदान करते हुए परम पूज्य आचार्य महाराजश्री तथा कथाकार श्री चन्दन शास्त्री ।



## धर्मगुरुजीका धामगमन

धर्मगुरु पं. श्री चेतनदत्तजी शर्मा( श्री ५ पद्मावतीपुरी धाम, पन्ना )का धामगमन दिनांक १३.१०.२०११ को हुआ। वे शतायु हो गए थे। उनका जीवन बाल्यकालसे ही धर्मके प्रति समर्पित था। श्री ५ पद्मावतीपुरी धामके वे अद्वितीय विद्वान थे। आज उनके जाने पर एक वैदिक विद्वानकी कमी अनुभव की जा रही है। विधिके विधानको टाला नहीं जा सकता है। दिनांक १४-१०-२०११ को श्री ५ नवतनपुरी धाममें एवं दिनांक १५-१०-२०११ को श्री कृष्ण प्रणामी मन्दिर, मुम्बईमें उनको श्रद्धाञ्जली प्रदान की गई। दिनांक २४-१०-२०११ को श्री ५ पद्मावतीपुरी धाम, पन्नामें श्रद्धाञ्जली सभाका आयोजन कर उन्हें श्रद्धाञ्जली प्रदान की गई।

RNI No. GUJ BIL /2006/18311

Registration No. GJN-1 / 2009-2011



श्री ५ नवतनपुरी धाम स्थापना दिन कार्तिकी पूर्णिमाके अवसर पर श्री नवतनपुरी धामसे मूल मिलावाकी पद यात्रा, मेहेर सागर पाठ एवं आशीर्वचन प्रदान करते हुए परम पूज्य आचार्य महाराजश्री ।



चिखोद्रा( आनन्द )से ३६० कि.मी.की पद यात्रा कर श्री ५ नवतनपुरी धाम पहुंचे हुए सुन्दरसाथ ।



श्री कृष्ण प्रणामी मन्दिर, टेनेसी-अमेरिकामें आयोजित दीपावली तथा अन्नकूट ।

PRINTED BOOK

TO :

SHRI KRISHNA PRANAMI DHARMA PATRIKA

SHRI 5 NAVTANPURI DHAM JAMNAGAR - 361 001 (INDIA)